# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ ઓગસ્ટ - ૨૦૨૨ અંક : ૮
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)
R.N.I No.: 6316/57



Painting by Bhavik shah, Mumbai

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ઓગસ્ટ - ૨૦૨૨, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૦, અંક-૮**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

### મેમ્બરશીપ લવાજમ

ભારતમાં: રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), વિદેશમાં : રૂા. ૫૦૦૧/-

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# માનવી



ભમરડાને થયું
હું ય માનવી બની શકું
મારામાં ને એનામાં થોડો જ ફર્ક
બાકી
મને ય ઘણાં બધાં ફુદરડી ફેરવે
મારી ઇચ્છા ન હોય તો પણ !
મનેય લડખડાતો જોઈને સૌ હસે
ને ફરીથી
ફુંદરડી ફેરવવા યે ફેંકે
વળી
બુઠ્ઠો ન થઈ જાઉં માટે
મારીયે ધાર કાઢતા રહે
અને
ધરતી સાથે પ્રણયમાં મસ્ત હોઉં ત્યાં
મનેય જાળથી ઉછાળે
હાથમાં લઈ રમાડે
અને
બીજા ભમરડા ઉપર અથડાવવા યે ફેંકે
મને પણ આરી ઠોકતા રહે
મારેય એક માથું
પણ
સારું છે કે તેમાં એવું મગજ નથી
જેને
હૃદય સાથે સંબંધ હોય
બાકી
હું ય માનવી બની શકું !

**– તુષાર પરીખ, યુ.એસ.એ**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# પરબ્રહ્મ પરમાત્મા પરિપૂર્ણાવતાર પૂર્ણાનંદ શ્રીકૃષ્ણ મારી દૃષ્ટિએ



આપણા આરાધ્ય યશોદોત્સંગલાલિત, આનંદકંદ, ભક્તવત્સલ, ગોપીજનવલ્લભ, ભક્તપ્રતિપાલ, કરુણાનિધાન, નંદનંદન, વૃજાધિપતિ, રસો વૈ સઃ, ગોકુલનાયક, ભક્તમનોરથપૂર્ણ કર્તા, રાસેશ્વર, રસસ્વરૂપ, રસાત્મક, પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ, કોટી કંદર્પ લાવણ્ય પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રના પ્રાગટ્યોત્સવની તથા નંદ મહોત્સવની સર્વે વલ્લભીય વૈષ્ણવોને કોટિ કોટિ મંગલ વધાઈ.

ઉપનિષદોએ પરબ્રહ્મ પરમાત્માને “કૃષ્ણ” શબ્દથી ઓળખાવ્યા છે. પરમાત્માનું “કૃષ્ણ” નામ તેમના ગુણ અને શક્તિને આધારે પડ્યું છે. “કૃષ્ણ” શબ્દમાં “કૃષ્”નો અર્થ “સર્વસામર્થ્યવાન” થાય છે. “ણ” શબ્દનો અર્થ પૂર્ણ આનંદ થાય છે. અનંત બ્રહ્માંડોમાં જેઓ સૌથી વધુ શક્તિમાન અને પૂર્ણ આનંદવાળા છે, તે કૃષ્ણ પરમાત્માથી વધુ શક્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવમાં પણ નથી. પરમાત્મા સ્વતંત્ર છે. પરમાત્માનો આનંદ અગણિત છે. તેમનાથી વધુ આનંદ બીજા કોઈની પાસે નથી.

આવા પરમાત્માનું સ્વરૂપ આનંદમય છે. તેમના પ્રત્યેક અંગમાં કેવળ આનંદ છે. તેઓ અજન્મા છે. અનંત બ્રહ્માંડોના નિયામક છે. સર્વ દેવોના દેવ છે. વેદ, ઉપનિષદ, શ્રીમદ ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવત નિરંતર તેમના જ ગુણ ગાય છે. આ જ પરબ્રહ્મ પરમાત્મા ભક્તોના ઉદ્ધાર માટે અને ભક્તોને આનંદનું દાન કરવા માટે સારસ્વતકલ્પમાં પુર્ણપુરુષોત્તમ સ્વરૂપે ગોકુળમાં શ્રીનંદ-યશોદાના ત્યાં કૃષ્ણસ્વરૂપે પ્રગટ થયાં હતાં. બીજા દેવતાઓ તો ગણી શકાય એટલો જ આનંદ આપે છે, જ્યારે શ્રીકૃષ્ણ પૂર્ણાનંદ-અપાર આનંદનું દાન કરનાર છે. મહાપ્રભુજી શ્રીકૃષ્ણાશ્રયમાં સમજાવે છે કે – પ્રાકૃતા; સકલા દેવા, ગણિતાનંદકં બૃહત, પૂર્ણાનંદો હરિતસ્માત્, કૃષ્ણ એવં ગતિર્મમ.

આ ભગવાનનું શ્રીકૃષ્ણ-સ્વરૂપ અલૌકિક દિવ્ય સ્વરૂપ છે. કોઈ મનુષ્યનું રૂપ નથી. પરમાત્માના અન્ય અવતારો અંશ, કળા, આવેશ કે જ્ઞાનરૂપે થયા છે. અન્ય દેવદેવીઓ પણ તેમના અંશ છે. રામાવતાર પુર્ણાવતાર છે પણ, શ્રીકૃષ્ણ

સ્વ. ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ પરિવાર(કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

પરિપૂર્ણાવતાર છે. તેથી આપણા શ્રીમહાપ્રભુજીએ આપણો બ્રહ્મસંબંધ પુર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ સાથે જ કરાવ્યો છે. તેઓ જ આપણા આશ્રયદાતા છે. તેઓ જ આપણા સ્વામી છે. આપણે તેમના જ દાસ છીએ. આપણે આપણામાં વૃત્રાસુરની જેમ દાસાનુદાસ બનવાની ભાવના કેળવવી જરૂરી છે.

ભગવાન શ્રીકૃષ્ણ વ્યાપિ વૈકુઠ અર્થાત્ ગોલોકધામમાં હંમેશા બિરાજે છે. ત્યાં તેમના જ સ્વરૂપમાંથી તેમણે પ્રગટ કરેલા તેમના ભક્તો પણ સદા તેમની સેવા કરે છે. ગોલોકની લીલાને નિત્યલીલા કહેવામાં આવે છે. કારણ કે તે લીલા અનંત અને અનાદિ છે. તે સદા ચાલતી રહે છે. ત્યાં રહેલાં ભક્તોને ભગવાનની સેવામાં કોઈક દોષ કે અપરાધ થતાં તેમને પૃથ્વી ઉપર જન્મ લેવો પડ્યો હતો. પોતાના એ જીવોનો ઉધ્ધાર કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે હજારો વર્ષ પહેલાં પોતાનું આખું ગોલોકધામ મથુરામંડલમાં–વ્રજભૂમિમાં પ્રગટ કર્યું અને પોતે પણ પૂર્ણાવતાર સ્વરૂપે ત્યાં શ્રીકૃષ્ણ નામ ધારણ કરીને પ્રગટ થયાં. વ્રજભક્તોનો ઉધ્ધાર કરી તેમણે પોતાના અલૌકિક સ્વરૂપઆનંદનું દાન કર્યું.

સ્વયં જગન્નાથપુરીમાં વિદ્વાનોની સભામાં મહાપ્રભુજીએ સાબિત કરી આપ્યું કે શ્રીકૃષ્ણ જ એક દેવ છે. જેનું પ્રમાણ સ્વયં જગન્નાથ પ્રભુએ કોરા કાગળમાં શ્લોક લખીને પ્રતિપાદિત કરેલ છે. એક શાસ્ત્ર દેવકીપુત્ર ગીતં, એકો દેવો દેવકીપુત્ર એવ. અર્થાત્ દેવકીપુત્ર શ્રીકૃષ્ણના મુખે ગવાયેલી શ્રીમદ્ ભગવદ્ ગીતા જ એક ગીત છે અને દેવકીપુત્ર શ્રીકૃષ્ણ જ એક દેવ છે. એટલે જ તો કહેવાય છે કે–સર્વ દેવં નમસ્કારાંમ, કેશવં પ્રતિ ગચ્છતી. આ એક જ ભગવાન એવા છે જેની બાળક (લાલો) તરીકે સેવા થાય છે કે મારો બાળક કૃષ્ણ જેવો હોય (પણ પતિ કૃષ્ણ જેવો ના હોય?). એ Dancing God છે.

એ એવા પ્રભુ છે જે માં જશોદાના લાલા તરીકે પારણે ઝુલે છે અને રાધાના શ્યામ બની હિંડોળે પણ ઝુલે છે. બીજા કોઈ દેવ કે ભગવાનને તમે હિંડોળે જુલતા કલ્પી જ ના શકો.

કૃષ્ણ એ અદભૂત વ્યક્તિત્વ છે, કૃષ્ણએ લીલા વૈવિધ્ય વાળા છે. એની દરેક લીલા મધુર છે – મૃષ્ણા (માટી) ભક્ષણ લીલા (મહાત્મય લીલા), માખણ ચોરી લીલા, કાલિયનાગ દમન લીલા, દામોદર લીલા, ચિરહરણ લીલા, પનઘટ લીલા, છાક લીલા, ગૌચાચરણ લીલા, ગોવર્ધન લીલા, વેણુ નાદ, 40 દિવસના હોળી ખેલ, દાન લીલા, માન લીલા, રાસ લીલા વિગેરે.

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

પૂતના મોક્ષ કે બીજા અસૂરોના ઉદ્ધાર પણ લીલા છે, ક્યાંય એમ નથી કહેવાતું કે કૃષ્ણએ અસૂરોનો સંહાર કર્યો, એમ જ કહેવાય છે કે અસૂરોનો ઉદ્ધાર કર્યો છે જે એક પૂર્ણાવતાર જ કરી શકે છે. એનું રણ છોડીને ભાગવું અને રણછોડરાય નામ ધરવું એ પણ એક લીલા જ છે.

મહાપ્રભુજીની આજ્ઞા છે – કૃષ્ણ સેવા સદા કાર્યા, માનસી સા પરમતા – સદા સ્નેહથી / સ્નેહપૂર્વક કૃષ્ણની સેવા કરવી એ જ મહાપ્રભુજીની શીખ છે.

જે બાલમુકુન્દને બાળક તરીકે લાડ લડાવી શકીએ (બાલ ભાવ), મિત્રભાવે ગોપાલને ખભે હાથ રાખીને ફ્રેન્ડ બનાવી શકીએ(સખ્ય ભાવ), ટોલ–હેન્ડસમ શ્યામસુંદરને પ્રેમ કરી શકીએ (માધુર્ય ભાવ), ડગલને પગલે સાચી સલાહ માટે ઉત્તમ જ્ઞાની યોગેશ્વરને જગદ્‌ગુરુ ધારણ કરી શકીએ (ગુરુ ભાવ – કૃષ્ણા વંદે જગદ્‌ગુરુ), પ્રજાવત્સલ રાજાધિરાજ દ્વારકાધીશને નતમસ્તક થઈ શકીએ કે અખિલ બ્રહ્માંડના અધિપતિ વિશ્વસ્વરૂપ નારાયણને ભગવાન માનીને ભક્તિ કરી શકીએ એવા મલ્ટીપર્સનાલીટી, વન એન્ડ ઓન્લી, ઈન ઓલ જનરેશન્સ, ધ કમ્પ્લીટ મેન (પૂર્ણ પુરુષોત્તમ) ભગવાન શ્રીકૃષ્ણનું જીવન થિયરી નહિ પ્રેક્ટિકલથી ભરપુર છે. શ્રીમદ્‌ ભગવદ્‌ગીતામાં, શ્રીકૃષ્ણ પોતાના પ્રાગટ્યનું કારણ દર્શાવતા કહે છે કે

यदा यदा ही धर्मस्य ग्लानिः भवति भारत ।
अभ्युत्थानम अधर्मस्य तदा आत्मानं सृजामि अहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય એટલે કે ધર્મનો પ્રભાવ ઘટે અને અધર્મ વધે ત્યારે ધર્મની રક્ષા કરવા, ધર્મને ફરીથી સ્થાપિત કરવા પ્રભુ અવતાર લે છે. સંતોના પરિત્રાણ એટલે કે તેમની રક્ષા કરવા માટે તથા આસુરી શક્તિને પરાસ્ત કરવા માટે શ્રીકૃષ્ણ દરેક યુગે યુગે પ્રગટે છે.

શ્રીમદ્‌ ભાગવતને પ્રમાણ માનીએ તો પ્રભુ પોતાના ભક્તોના ઉદ્ધાર કરવા સમય સમય પર પ્રગટ થાય છે. વ્રજગોપીઓ તો પ્રભુના પ્રાગટ્ય કારણ દર્શાવતા ગાય છે – નંદના કુંવર તમે બહુ રંગ રસિયા, અમારે કારણ વ્હાલો વૃજમા રે વસીયા...

અહીં ગોપીઓ કહે છે કે અમારા જેવા વૃજ ભક્તો (વૈષ્ણવોનો) ઉદ્ધાર કરવા માટે, અમને પ્રેમલક્ષણા ભક્તિનું દાન કરવા માટે શ્રીકૃષ્ણ વૃજમાં આવ્યા છે.

શ્રીકૃષ્ણનું નામ, રૂપ, ગુણ, લીલા સર્વે આનંદમય અને મધુર છે. મધુરાષ્ટક પ્રમાણે શ્રીકૃષ્ણનું દરેક અંગ મધુર છે – અધરમ મધુરમ, નયનમ મધુરમ, વદનમ મધુરમ, હૃદયમ મધુરમ, પાદૌ મધુરા, પાણિ મધુરા, કૃષ્ણનું હાસ્ય મધુર છે. નૃત્ય મધુર છે, લીલા મધુરા, કૃષ્ણની વેણુ મધુર અને કૃષ્મની રેણુ (ચરણ રજ) પણ મધુર છે. મધુરાધિપતિનું સર્વ મધુર છે એટલે જ કહ્યું છે કે અખિલમ્ મધુરમ.

અનેક પ્રકારના પાસાઓ આપણને કૃષ્ણના જીવન ચરિત્રમાં જોવા મળે છે. કૃષ્ણ એટલા લીલા, કૃષ્ણ એટલે ક્રીડા, કૃષ્ણ એટલે કલા, કૃષ્ણ એટલે કર્મ, પરંતુ કર્મનો સિધાન્ત કહેનારા કૃષ્ણ પોતે ક્યારેય કર્મના બંધનોમાં બંધાયા નથી. એ તો સ્વયં કહે છે – न मां कर्माणि लिंपति न मे कर्मफले स्पृहा.....

યશોદા માતા સાથે દિનચર્યામાં બાલ લીલા અને લીલા નિકુંજમાં શ્રી સ્વામીનિજી સાથેની માધુર્ય લીલાનો પ્રત્યક્ષ અનુભવ અષ્ટસખાઓ તથા તાદર્શી વૈષ્ણવોને (84 / 252 વૈષ્ણવોને) થયેલ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના ગાનાર પરબ્રહ્મ પરિપૂર્ણાવતાર પુર્ણ પુરુષોત્તમમાં વિરોધી દ્વંધો – વિરૂધ્ધ ધર્માશ્રય જોવા મળે છે જેમ કે : પુષ્ટિ પુરૂષોત્તમના મૂળસ્વરૂપોને જન્માષ્ટમીના દિવસે મંગળા બાદ પંચામૃત સ્નાન થાય, જ્યારે જન્મોત્સવ રાત્રે 12 વાગે થાય અને મહાભોગ આવે છે. કારણ કે તે પરિપુર્ણાવતર છે.

બીજી કોઈ જયંતીમાં મૂળ સ્વરૂપને પંચામૃત સ્નાન થતું નથી, ફક્ત શાલિગ્રામજીને જ પંચામૃત સ્નાન કરાવાય છે.

એકબાજુ માં યશોદાજીનો લાલો બની નંદલાયમાં બાળક બનીને બાલલીલાઓ કરે છે, તે જ કૃષ્ણ ગોપબાળકો સાથે ગૌપાલન દરમ્યાન ગોવાળ બની અને નિકૂજમાં કુમાર ભાવથી શ્રી સ્વામીનિજી સાથે માધુર્ય લીલા પણ કરે છે.

તે ગોપીઓના ચીર હરે છે, તો દ્રૌપદીના ચીર પૂરે પણ છે.

તે માખણ ચોરે છે અને ટચલી આંગળીએ ગોવર્ધન પર્વતને પણ ધારણ કરે છે.

તે વેણુનાદ કરી ગોપીઓ, ગોપ બાળકો, મેઘ, પુલિંદીઓ, ગિરીરાજ ગોવર્ધન, હરણીઓ, દેવાંગનાઓ ઉપર કામણ કરે છે, તો જરૂર પડ્યે સુદર્શન ચક્ર પણ ચલાવે છે અને પોતાની ટેક ભૂલી પોતાના ભક્તોની ટેક રાખવા માટે રથનું પૈડું લઈ તેને મારવા પણ દોડે છે.

તે રાધાને વસમું ના લાગે એવી રીતે બધી જ ગોપીઓને પ્રેમ કરે છે.

શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ રમનાર રસેસ્વર છે અને એ જ ગીતાના ગાનાર યોગેશ્વર પણ છે.

કૃષ્ણ ઉદ્ધવ, અર્જુન, સુદામાના સખા છે તો કંસ, શિશુપાળ અને દંતવક્રને માટે કાળ પણ છે.

એ ગોપબાળકો સાથે ગેંડીદડો અને બીજી રમતોમાં હારી જાય છે અને દડો લેવા જમુનામાં કૂદકો લગાવી નાગદમન શ્રીનાથજી સ્વરૂપ ધારણ કરે છે (હાલ વડોદરામાં આ સ્વરૂપ છે), તો બીજી બાજુ ઇંદ્રમાન ભંગ કરી એટલે કે ઇન્દ્રને હરાવી ઇંદ્રદમન શ્રીનાથજી સ્વરૂપ (હાલમાં ઉજ્જૈન શહેરમાં બિરાજમાન છે) તથા બ્રહ્માજીને હરાવી દેવદમન સ્વરૂપે શ્રીનાથજીના દર્શન કરાવે છે. (નાથદ્વારામાં બિરાજમાન શ્રીનાથજી). એના સિધ્ધાંતો વ્યવહારિક, ક્યારેય વાસી ન થાય એવા ફ્લેક્સિબલ છે. જે કોઈ ધર્મ, સંપ્રદાય, જાતિ, દેશ કે કાળ માટે સીમિત નહિ પણ સમગ્ર માનવજાતને દરેક સમયમાં સ્પર્શે છે.

એટલે એ વિશ્વગુરુ (વર્લ્ડ લીડર) કરતા વિશે જગદ્‌ગુરુ (યુનિવર્સલ લીડર) છે.

ભગવાન શ્રીકૃષ્ણ માનવદેહ શ્રીમાન કૃષ્ણ વાસુદેવ યાદવ તરીકે જ જીવ્યા છે. સમગ્ર જીવન દરમ્યાન ફક્ત પાંચ વખત વિશ્વસ્વરૂપ દર્શન કરાવીને પોતાના ઈશ્વરપણાની અનુભૂતિ કરાવી છે (મહાત્મય), બાકી બધે માનવીય કર્મ જ કરેલું છે, ચમત્કાર દ્વારા શોર્ટકટ નહિ. શોર્ટકટ કરવા હોત તો મહાભારતનું ઐતિહાસિક યુદ્ધ, જરાસંઘ - નરકાસુર - બાણાસુર જેવા ખુંખાર મહાબલી દાનવો સાથે કેટલાય દિવસો ચાલેલા ધમાસાણ યુદ્ધો જ ન થાત, એક સુદર્શન ચક્ર જ કાફી હતું. એટલે, એ તો ભગવાન છે, જે ધારે તે કરી શકે, આપણે તો સામાન્ય માણસ છીએ એવી માન્યતા ઠસાવી છટકી જવું નહિ.

મહાભારત યુદ્ધ પછીનો એક પ્રસંગ છે. અશ્વત્થામા એ પાંડવોનાં પૌત્રને

મારવા બ્રહ્માસ્ત્ર છોડ્યું એમાં અભિમન્યુની પત્ની ઉત્તરાની કુખે રહેલું બાળક પરીક્ષિત મૃત જન્મે છે. જેને સજીવન કરવા દ્રૌપદી એના પરમ મિત્ર કૃષ્ણને આજીજી કરે છે. સદાય દ્રૌપદીની મદદ માટે તત્પર ભગવાન શ્રીકૃષ્ણ અંજલિમાં જળ લઈ પોતાના બધા કર્મોને દાવ પર લગાડી પરમ તત્વ સમક્ષ સંકલ્પ લે છે કે, 'જો હું ક્યારેય ખોટું ન બોલ્યો હોવ, એક વાર પણ યુદ્ધમેદાન છોડી ભાગ્યો ન હોવ, સત્ય અને ધર્મને હંમેશા વળગી રહ્યો હોય તો આ મૃત બાળક જીવતું થાય.' પછી અમુક ક્ષણોમાં પરીક્ષિત જીવંત થાય છે. આમાં માનવદેહે કરેલો પરમતત્વ સમક્ષ સંકલ્પ એટલે સનાતન, અફર નિયમ. જેમાં ભગવાનની પણ લાગવગ ન ચાલે. દા.ત. ચાલુ ઇલેક્ટ્રિક બોર્ડના પ્લગમાં જીઇબીનાં મુખ્ય ચેરમેન કે સામાન્ય વ્યક્તિ આંગળી નાખે તો બંને સરખા વોલ્ટનો જ શોક લાગે એવી વાત છે.

તો, હવે પ્રશ્ન એ થાય કે કેટલાય પ્રસંગોમાં આપણે જોયું છે કે સંકલ્પમાં બોલ્યા એની વિરુદ્ધ જ કરેલું છે તો જીવિત કેમ થાય? આ કન્ફ્યુઝન લગભગ મોટાભાગના લોકોને રહ્યાં કરે છે પરંતુ એનો જવાબ ભગવાને ભગવદ્‌ગીતામાં આપેલો છે. ફક્ત એટલું આપણી જાતને પૂછો કે કૃષ્ણ ક્યારેય અંગત સ્વાર્થ માટે ખોટું બોલ્યા છે? જ્યારે સમાષ્ટિના કલ્યાણ માટે, લાંબા સમયગાળાના જાહેર ફાયદા માટે, કોઈનો જીવ બચાવવા માટે, સત્ય અને ધર્મની રક્ષા માટે કરેલું કોઈ પણ કર્મ સારૂ જ લેખાય. 'કોઈને ઈમ્પ્રેસ કરવા આપણા કરેલા સાચા વખાણ કરતા બીજાના જીવ–સ્વમાન બચાવવા બોલેલા જુઠમાં કૃષ્ણની દૃષ્ટિએ વધારે સારપ છે.'

કૃષ્ણએ ઇતિહાસનું એકમાત્ર વ્યક્તિત્વ છે જેણે અનેકવાર પોતાની પરવાહ કર્યા વગર નિઃસ્વાર્થપણે અવિરત લોકોની સેવા કરી છે. કૃષ્ણ એ ક્યારેય જીતેલા સામ્રાજ્યો ઉપર શાસન કરવાની ખેવના નથી કરી, પરંતુ દરેક રાજ્યની પ્રજાને શાસકના ત્રાસ અને અત્યાચારમાંથી મુક્ત કરી, સુંદર જીવન જીવવા એ વૈભવી સામ્રાજ્યોનો સંપત્તિ સમેત કરી સેવા કરી છે.

આમ એણે મથુરાધિપતિ બનવા કરતા મધુરાધિપતિ બની લોકોના હૃદયસમ્રાટ બનવાનું વધુ પસંદ કર્યું છે.

અને, એટલે જ શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણાશ્રયમાં કહ્યાં પ્રમાણે

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

– કૃષ્ણ એવં ગતિર્મમ – આપણી મતિ, રતિ અને ગતિ કૃષ્ણમય રહો. દ્વિલાત્મક ભાવમા – જ્યારે પ્રભુની સન્મુખ હોઈએ એટલે કે સંયોગમાં સેવા અને અનૌસરમા એટલે કે વિયોગમાં સ્મરણ કરવું એજ શ્રી વલ્લભની શીખ છે.

જય શ્રીકૃષ્ણ


– સી.એ. બીપીન શાહ,વડોદરા
રીટાયર્ડ જનરલ મેનેજર, બેંક ઓફ બરોડા,
મો. ૯૯૩૦૩ ૬૪૧૭૦


**બહેનનું બંધન.... સૌરભના સ્વરેથી**

એક વડની બે વડવાઈ,
ભાઈ–બહેનની જોડી સૌથી સવાયી;
ભાગ્યની જો હશે અદ્‌ભુત બલિહારી,
ભાઈને મળશે બહેનની યારી;
મોટી બહેન હોય ‘માં’ની છબી,
નાની તો પિતાની લાડકી પરી;
નાનપણની એ નાદાન કશ્મકશ અમારી,
મલકાય છે મનમાં યાદગાર યાદો અમારી;
રક્ષાબંધનના અવસરે સાચવતી બંને નિજમાળાં,
ભાઈબીજના પવિત્ર પર્વે સત્કારતી પોતાનીં સઘળાં;
તાણાવાણાં અમે છીએ એક જ તાકાંના,
પૂરક બનીને સંભાળશું સુખ–દુ:ખની પતાકા.


– સી.એ. સૌરભ શાહ,
મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦


ગો.વા. રમેશચંદ્ર કાંતિલાલ પરીખ (કડી)ના જય શ્રી કૃષ્ણ હ. માલતીબેન, દેવીબેન, અરૂણાબેન

# જ્યોતિષશાસ્ત્ર : ભાગ્યને બદલી શકાય છે ?



સંસારનો દરેક માનવ પોતાનું ભાગ્ય પોતાની સાથે લઈને આવે છે. આ ભાગ્ય મુજબ તે જીવનમાં સુખ-દુ:ખને ભોગવે છે. સુખને સદ્‌ભાગ્ય માને છે અને દુ:ખને દુર્ભાગ્ય. આ સત્યની સાથે જ્યારે જ્યોતિષને જોડવામાં આવે છે ત્યારે અમુક સવાલ થાય છે-શું જ્યોતિષ સત્ય છે? આપણા જન્મ સમયના ગ્રહો ખરેખર આપણા જીવન પર અસર કરે છે? કોઈના જન્માક્ષર જોઈને કરવામાં આવતી આગાહી શું અંધારામાં આવતું એક તીર જ હોય છે?

જ્યોતિષ એટલે ઈશ્વરીય જ્ઞાનની જ્યોત. આ જ્યોતિના પ્રકાશમાં સમગ્ર સંસારનું તેમ જ સંસારના સર્વ જીવોનું અતીત, વર્તમાન તથા ભવિષ્ય જોઈ શકાય છે. આપણા ઋષિમુનિઓએ જ્ઞાનની સાધના કરી આ દિવ્ય જ્યોતિનો પ્રકાશ આપણને આપ્યો છે. ભારતમાં થઈને આ જ્ઞાન વિશ્વભરમાં પહોંચ્યું છે.

હવે એ જોઈએ કે તે શી રીતે કામ કરે છે. કોઈ પણ માનવના જન્મ સમયે રાશિઓ, ગ્રહો, નક્ષત્રો વગેરેનો એક અવકાશી નકશો તૈયાર થાય છે. આ અવકાશી નકશો તે જ તે માનવીની જન્મકુંડળી. આ જન્મકુંડળીમાં જે પ્રકારે રાશિઓ નક્ષત્ર ગ્રહોની ગોઠવણ હોય છે તે મુજબનું તે માનવનું ભાગ્ય હોય છે. **તમારા ગ્રહો તમને ત્યારે જ મદદ કરે છે જ્યારે તમે પોતે તમારા ગ્રહોને મદદ કરો છો.**

તમને થશે કે ગ્રહોને મદદ કરવી એટલે શું? આ રહ્યો એનો જવાબ- ગ્રહો જ્યારે તમને અનુકૂળ બની રહ્યાં હોય ત્યારે તમે પણ ગ્રહોને અનુકૂળ બનો. તે જ્યારે પોતાનું ઉત્તમ ફળ પ્રગટાવી રહ્યાં હોય ત્યારે તમે પણ પોતાના ઉત્તમ કર્મો દ્વારા તેમની મદદ કરો. જો તમે આમ કરી શકશો તો જ તમારા ઉત્તમ ગ્રહોનું ફળ પામી શકશો. જો તમે આમ નહીં કરી શકો તો તમારા ઉત્તમ ગ્રહો પણ તમને અમુક સમય સુધી તો પોતાનું ફળ આપતા રહેશે પરંતુ જ્યારે જોશો કે તેમના ઉત્તમ ફળની તમને કોઈ જ કદર નથી ત્યારે તે ફળ આપવાનું બંધ કરી દેશે. આથી વિરુદ્ધ જ્યારે ગ્રહો જરા પણ મદદ ન કરતા હોય ત્યારે પણ તમે તમારી પાસે જે ઉત્તમ હોય તે આપતા રહેશો તો તે તમારા સામાન્ય ભાગ્યને પણ અસામાન્ય ભાગ્યમાં પલટી શકે છે. **તમારું ભાગ્ય લખાય છે**

‘આરતી મેટરનીટી હોસ્પિટલ’ ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

**તો તમારા કુંડળીમાં પરંતુ તેનું ફળ પ્રગટે છે તમારા અંદરથી!**

જ્યોતિષશાસ્ત્ર એક સાવ સાચું શાસ્ત્ર છે. પરંતુ આ સચ્ચાઈ પાછળની સૌથી મોટી સચ્ચાઈ એ છે કે આ તમામ સિદ્ધાંતો તે સંભાવનાઓના સિદ્ધાંતો છે. એટલે કે **તમારી કુંડળીમાં જે કાંઈ લખાયેલું છે તે અંતિમ સત્ય છે એવું ક્યારેય માની ન લેશો**. તમારો સ્વભાવ, વિચારો, ગુણો, અવગુણો, જીવન પ્રત્યેનું તમારું વલણ, સ્વજનો તથા સમાજ સાથેનો તમારો સંબંધ–આ બધું જેમ તમારા વ્યક્તિત્વને ઘડે છે એમ તમારા ભાગ્યને પણ ઘડે છે. તમારા વિચારો, વૃત્તિ તથા વલણ–આમાંથી જે ગ્રહોને અનુરૂપ હશે તે ગ્રહોના ફળ મુજબ તમારું ભાગ્ય ઘડાશે. તમે શુભ ગ્રહોને અનુરૂપ વલણ રાખશો તો તમે શુભ ફળને વધારે પામશો અને જો અશુભ ગ્રહોને અનુરૂપ વલણ રાખશો તો અશુભ ફળને વધારે પામશો. **તમારી કુંડળીમાં જે કંઈ અશુભ છે તેને બિલકુલ ભૂલી જાવ.** તેને દૂર કરવાની વાત પણ બાજુ પર મૂકી દો. તમારા શુભને લઈ આવો, શુભ આવશે એટલે અશુભ આપોઆપ વિદાય લેશે. તમારું ધ્યાન કુંડળીમાંના શુભ ગ્રહ પર કેન્દ્રિત કરો. આમ શુભને આમંત્રણ આપો, આવીને તે જ અશુભને વિદાય આપશે. તમે અશુભ બળને સ્વીકારશો તો તેનાથી તમને એ બધું મળશે તો ખરું જે તમને મળવું જોઈએ પરંતુ અંતે તમારે બધું ગુમાવી દેવું પડશે.

**તમારા ગ્રહોના બળ કરતા તમારું આત્માનું બળ વધારે મહાન છે !**

તમે આ ભવમાં જે કોઈ સુખ અને દુ:ખ ભોગવી રહ્યાં છો તે તમારા અત્યાર સુધીના ભવોના શુભ અથવા અશુભ કર્મોનું ફળ છે. તમારી કુંડળીમાં રહેલા ગ્રહોનો નકશો તમને બતાવે છે કે તમારા આ ભવમાં શું સારું અથવા ખરાબ ભોગવાનું છે. તમારી કુંડળીમાં આ ગ્રહો પોતાની મરજી મુજબ જેમ ફાવે તેમ ગોઠવાઈ નથી ગયા. તમે તમારા કર્મો દ્વારા તેમના સ્થાન તમારી કુંડળીમાં નક્કી કર્યાં છે.

જ્યોતિષશાસ્ત્ર તમને તમારું ભાગ્ય બતાવે છે એમ કહેવા કરતા એ કહેવું વધારે યોગ્ય છે કે તમને એ બતાવે છે કે તમે તમારા માટે કેવા ભાગ્યનું સર્જન કરીને આવ્યાં છો.

**ભાગ્યને માત્ર બદલી શકાતું નથી, બનાવી પણ શકાય છે.**

**– ડો. રાકેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૩ ૪૬૮૨૭, એસ્ટ્રોલોજર**

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સમ્ભવામી....યુગે...યુગે - ૨



### પૂર્વભૂમિકા

ભગવાન શ્રીકૃષ્ણનું અવતારકાર્ય પૂર્ણ થયું. હવે તેઓ પ્રભાસમાં જંગલોમાંથી વહેતી "હિરણ્ય", "કપિલા" અને "સરસ્વતી" નદીઓનાં સંગમસ્થાનની પવિત્ર ભુમી પરનાં ઘટાદાર પિપળાનાં વૃક્ષ નીચે એકલા અટુલા સૂતા હતાં. આંખો બંધ હતી, છતાંય તેમનાં સ્મરણપટ પર કુરુક્ષેત્રનાં યુદ્ધ મેદાનમાં જોયેલો રક્ત–પાત, હસ્તિનાપુરનાં મહેલની દિવાલો ચિરતો માતા ગાંધારીનો પીડા–જનક અવાજ "તું પણ એક દિવસ, તારા પુત્રોનાં, પ્રપૌત્રોનાં સ્વજનોનાં શબ રઝળતા જોઈશ.", દુર્વાસા ઋષીમુનીનાં "શ્રાપ" યુક્ત વચનો, તમારા સમગ્ર યાદવકુળનો વિનાશ થશે. જેવા ભાત–ભાતનાં દૃશ્યો તેમનાં સ્મરણ પટ પર આવીને વિલીન થઈ જતાં હતાં.

• • •

### ભાગ - ૨

આથમતી સાંજનાં કેસરી કિરણોએ આખા આકાશને કેસરી રંગોથી રંગી દીધું હતું. અરબી–સમુદ્રનાં મોજાઓ ભગવાન શ્રીકૃષ્ણનાં મહેલનાં કિનારાઓ સુધી આવતાં હતાં અને ફીણ ફીણ થઈને પાછા વિખરાઈ જતાં હતાં. આ જોઈને તેઓ વિચારવા લાગ્યા કે સૂર, સુંદરી, જુગાર જેવી અધર્મી બદીઓમાં સપડાયેલા યાદવ કુમારોને પણ હવે વિખેરાઈ જવાનો સમય આવી ગયો છે. પોતે દેહ–ત્યાગે ત્યારે સૌ યાદવકુમારો પણ સાથે સાથે પોતાનો પણ દેહ ત્યાગી નામશેષ થઈ સ્વર્ગારોહણ પ્રાપ્ત કરે, જેથી આ ધરા પરથી અધર્મીઓનો ભાર ઉતરે. હવે વધુ સમય વેડફ્યા વગર દુર્વાસાઋષીના શ્રાપને સત્ય કરી નાંખવો જરૂરી છે.

આ ઘટનાને આકાર આપવા ભગવાન શ્રીકૃષ્ણે યાદવ કુમારો માટે પ્રભાસ તીર્થનાં જંગલોમાં "સમુહ ભોજન" (Farm - House Party)નું આયોજન કર્યું.

પ્રભાસ તીર્થનાં જંગલોમાં સમુહ ભોજન કરવા નિકળેલા યાદવકુમારો તેમની વૈભવી નૌકાઓ દ્વારા દ્વારિકાથી સોમનાથ વેરાવળનાં દરિયાકિનારે હેમખેમ ઉતર્યાં, ત્યારે શ્રીકૃષ્ણનાં મનમાં સ્પષ્ટ હતુ કે હવે આપણે સૌ યાદવો થોડાક

જ સમયમાં નામ-શેષ થઈ જવાનાં છીએ.

યાદવો દ્વેશમાંથી મુક્ત થઈને સ્વર્ગારોહણ પ્રાપ્ત કરશે. યાદવ કુમારોએ સૌ પ્રથમ સોમનાથ, વેરાવળનાં તટ પર આવેલા સમુદ્રમાં સમુદ્રસ્નાન કર્યું અને ત્યાર બાદ તેઆએ "સોમનાથ જ્યોર્તિલિંગ"ની પૂજા કરી. આ બધી વ્યવસ્થા શ્રીકૃષ્ણએ અગાઉથી કરી હતી. પૂજા અર્ચના વગેરે કરીને તેઓ સૌ પ્રભાસ-તીર્થનાં જંગલોમાં "સમુહ ભોજન" કરવા ચાલી નિકળ્યાં.

સવારનો સમય હતો. સૂરજ દેવ પૂર્વ દિશામાં ઉગ્યા તો હતાં પણ તેઓ આજે ઝાંખા અને તેજવિહીન લાગતા હતાં. સમુહ-ભોજનની તૈયારીનાં ભાગરૂપે રસોડુ કરવાની જગ્યા પસંદ કરીને યાદવ કુમારોએ મદીરા-પાન કરતાં કરતાં રસોડાની તૈયારી શરૂ કરી, સૌ વાતોએ વળગ્યા. વાતો વાતોમાં રસોઈમાં કઈ કઈ વાનગીઓ બનાવવી અને ચુલામાં (સગડા)માં કયું ઇંધણ વાપરવું? જેવી ક્ષુલ્લક બાબત પર અચાનક વાદ-વિવાદ શરૂ થયો.

નાની બાબતે શરૂ થયેલો વાદ-વિવાદે જોત-જોતામાં મોટું સ્વરૂપ ધારણ કર્યું. નશામાં ચક્ચુર બનેલા અને વેરઝેરની આગમાં સપડાયેલા યાદવકુમારો થોડીક જ વારમાં પોતાની સુઝ-બુઝ ગુમાવી બેઠા. અંતે, વાત ખુબ જ આગળ વધી પડતા યાદવકુમારો એક-બીજાને સામ-સામે શસ્ત્રો મારવા સુધી તૈયાર થઈ ગયાં.

સમુહ ભોજન કરવા નિકળેલા યાદવકુમારો પાસે શસ્ત્રો તો હતા જ નહી એટલે ભાન-ભુલેલા યાદવકુમારોએ પ્રભાસતીર્થનાં જંગલોમાં ઉગતા જંગલી ઘાસ "એરકા"(ચિયો) જે લોખંડ જેવું સખત અને તીણું હોય છે, તેનો શસ્ત્ર તરીકેનો ઉપયોગ કરીને એક બીજાને મારવાનું શરૂ કર્યું. જોતજોતામાં રસોઈ કરવાની વાત બાજુ પર રહી અને સૌ કોઈ યુદ્ધમેદાનમાં યુદ્ધ કરવા જ જાણે ભેગા થયા હોય એમ અંદરો અંદર લડવા લાગ્યાં. જોતજોતામાં ચારેકોર ચીસો પડવા માંડી. હૃદયવિલાપો સંભળાવા લાગ્યાં. તેમનાં લોહી-લુહાણ મૃત્યદેહો ચારેકોર પડવા માંડ્યાં.

ભગવાન શ્રીકૃષ્ણની આગાહી અને મહા-મુની "દુર્વાસા" ઋષીનો "શ્રાપ" સાચો પડ્યો. ભારતવર્ષમાં ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ લખાયેલું આખુ "યાદવકુળ" જોતજોતામાં નામશેષ થઈ ગયું.

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

સોમનાથ, વેરાવળ પાસેના મહાસાગરમાં યોગીઓએ પણ અચાનક ઉંચે અને ઉંચે ઉડવાનું ચાલુ કર્યું, જાણે ઘુઘવતો દરીયો શ્રીકૃષ્ણની સોનાની દ્વારિકાને પોતાના અનંત મહાસાગરમાં ડુબાડી દેવા ધમ–પછાડા કરતો હોય તેમ લાગતો હતો. ભગવાન શ્રીકૃષ્ણ આ બધું વ્યથિત રીતે જોતાં રહ્યાં.

યાદવાસ્થળી પુરી થયા પછી વેર–વિખેર થયેલા સ્વજનોનાં મૃત–દેહો એકઠા કરીને તેમનો યોગ્ય દેહસંસ્કાર થાય તેની વ્યવસ્થા કરવા શ્રીકૃષ્ણ સાવ એકલા અટુલા ઉઘાડા પગે પ્રભાસતીર્થનાં જંગલ તરફ ચાલી નીકળ્યાં. તેમનાં મુખ પર અપાર દુઃખ અને કરુણામય ચહેરો હતો. “મોર–મુગટ”વિહીન મસ્તક અને ગળામાં “વૈજયંતી માળા” વિનાનાં શ્રીકૃષ્ણ સાવ જુદા જ લાગતાં હતાં. તેઓ ધીમા પગલે ચાલીને થોડેક દૂરનાં વૃક્ષોમાં શ્રેષ્ઠ એવા પિપળાના વૃક્ષ નીચે અશ્વત્થ વૃક્ષનો ટેકો લઈને પોતાનાં એક પગ ઉપર બીજો પગ રાખીને આરામ કરવા રોકાયા. આંખો ખુલ્લી હતી, પણ હૃદયમાં અકથ્ય વેદના હતી. આ વેદના પોતાનાં આવી રહેલા વિદાય માટેની હતી કે પછી વિતી ગયેલા વિદાયની પળો યાદ કરવા માટેની હતી તે સમજાતી ન હતી.

એવામાં એમને દૂરથી એક ગોવાળીયો, બીજા ગોવાળીયાને કહેતો સંભળાયો કે – જો...જો.... આ સમાધીસ્થ થયેલો માણસ ફેણવાળો નાગ થઈને આ નદીમાં ઉતરી ગયો.

એમણે પોતે તો પોતાના જયેષ્ઠ ભ્રાતા શ્રી બલરામને નિર્વાણપંથે ચાલી જવા પહેલેથી જ સંમતી આપી હતી.

હવે માતા ગાંધારીનાં “શ્રાપ”ની ઘડીઓ આવી ગઈ હતી. માનવ–દેહના આકારમાં અવતરેલા, પૂર્ણ–પુરષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણને આ વસુંધરા પરથી વિદાય સૂરજદેવ આજે પૂર્વ દિશામાં ઉગ્યા તો હતાં પણ તેઓ નિસ્તેજ અને ઝાંખા લાગતાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણ બંધ આંખે જાણે વિદાયનાં પળોની રાહ જોતા હોય એમ સૂતા હતાં.

જંગલની પેલે પાર... દૂર દૂર ચાંદીની ચમકતી રેખાઓ જેવી “હિરણ્ય” અને “કપિલા” નદીઓ વહેતી વહેતી સોમનાથ વેરાવળનાં સાગર તરફ જઈ રહી હતી. ચારેબાજુ સુમસામ અને વેરાન હતું. કોક કોક જગ્યાઓથી પક્ષીનાં કલરવનાં અને દૂર–દૂરથી શિકારી પશુઓનાં અવાજ સંભળાતાં હતાં.

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

એવામાં અચાનક નદીનાં પેલે પારનાં આછા અજવાળામાં આજે તો હરણનો શિકાર મળી જાય તો બહુ સારું એવું ઇચ્છતો લંગોટી પહેરેલો, માથામાં પીંછા ખોસેલો અને ગળામાં કોડીઓની માળા પહેરેલા કાળા ભૂત પારધીને પિપળાનાં વૃક્ષ નીચે એક પગનાં ઢીંચણ પર, બીજો પગ ટીંકવીને ધ્યાનમાં ચાલી ગયેલા શ્રીકૃષ્ણનાં પગમાં તળીયામાં ખૂબ દુરથી એને હરણ દેખાયુ અને આજે તો હરણનો શિકાર મળી જ જશે એવું ઇચ્છતા પારધીએ પોતાનાં બાણ પર મુશળનાં વધેલા લોખંડનાં ટુકડાને ચોંટાડીને બનાવેલું બાણ સ...ન...ન....ન.... કરતું છોડ્યું અને હરણ વિંધાયુ. છબ...છબ.... કરતો પારધી નદીનાં પેલે પારથી આ પાર આવ્યો અને જોયું ને ડરી ગયો, કે આ એણે શું કર્યું? આ બાણ તો હરણને નહીં, પણ પ્રભુનાં પગનાં તળીયામાં વાગ્યું છે. જે પગના તળીયા રોજેરોજ ઉધ્ધવોનાં આંસુઓથી ધોવાતાં હતાં, રૂકમણીનાં વાળોની લટોથી લુછાતાં હતાં અને જ્યાં અબીલ, ગુલાલ, કંકુ અને ચંદનનો રોજ લેપ થતો હતો.

તીર વાગવાથી પ્રભુના પગનો અંગુઠો અચાનક બધીર થઈ ગયો, જાણે એક નાનકડી આગની લપેટ શરીરમાં અંગુઠાવાટે શરીરમાં પ્રવેશીને પ્રભુનાં મસ્તકમાનાં તાળવામાંથી બહાર નીકળી ગઈ. માતા ગાંધારી અને મહામુની દુર્વાસાનો શ્રાપ સત્ય પડયો.

હરણ વિંધાયું જાણી સામી નદીનાં છાતીસમા પાણી ઓળંગીને પારધી નદીનાં પેલે કાંઠેથી આ કાંઠે પોતાનો શિકાર લેવા આવ્યો. ત્યારે જોયું કે અહીંયા તો પોતાના બાણથી સ્વયં જગતનાં નાથનું જીવન વિંધાઈ ગયું હતું. પારધીએ ભગવાન શ્રીકૃષ્ણનાં પગમાંથી તીર બહાર કાઢવાનો પ્રયાસ કર્યો. ત્યારે શ્રીકૃષ્ણે તેને પુછ્યું કે ભાઈ “તું કોણ છે?” ત્યારે પારધીએ લથડતા અવાજે કહ્યું કે “પ્રભુ ! હું જરા પારધી, નદીનાં પેલે પારથી આવું છું.” કહેતા કહેતા તેની જીભ લથડવા લાગી પણ ભગવાન શ્રીકૃષ્ણનાં ચહેરા પર સ્મિત હતું અને કહ્યું કે “જરા, હું તો ક્યારનોય તારી વાટ જોઈ રહ્યો છું. તે અહીંયા આવવામાં આટલું મોડું કેમ કર્યું?”

જરા પારધીએ પ્રભુને ફરીથી બે હાથ જોડ્યા અને રડતા અવાજે કહ્યું કે... “પ્રભુ મને માફ કરી દો, મે બહું જ મોટો અપરાધ કર્યો છે.”

પ્રભુએ જરા પારધીને કહ્યું કે – “તું ભયભીત ના થઈશ. તે તો આ બાણ

**અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.**

મારીને, મારા આત્માને મારા આ સાંસારીક પિંજરામાંથી મુક્ત કર્યો છે... વંદન તો ખરેખર મારે તને કરવા જોઈએ. હું જાણું છું... કે આ બાણ તારું છે... આ બાણ ઉપર મુશળ પણ તે જ લગાવ્યું છે અને આ મુશળનાં ટુકડાને પણ હું સારી રીતે ઓળખું છું. તું તો મારી મુક્તીનો સંદેશો લઈને આવ્યો છે."

જરા પારધીની આંખોમાંથી ચોધાર આંસુઓ વહેતા હતા "પ્રભુ.... પ્રભુ... મને માફ કરો... મ્હેં બહુ મોટો અપરાધ કર્યો" એમ પ્રભુને વિનંતી કરવા લાગ્યો. ભગવાન કૃષ્ણે પોતાની બે આંખો મીંચીને બે હાથ જોડીને જરા પારધીને તેમના ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં.

ભગવાનની પાની વિંધનારને તો ખરેખર કરોડો યુગો સુધી નરક જ મળવું જોઈએ પણ પ્રભુ તો કરુણાસિંધુ છે. પોતાનો અપકાર કરનારનો પણ ઉપકાર કરે છે. જોતજોતામાં તો આકાશમાંથી સ્વર્ગના દેવતાઓ પધાર્યા અને પારધીને સદેહે સ્વર્ગ લઈ ગયા. હજારો વર્ષની તપસ્યા કરવાથી, હજારો ગાયોનું દાન કરવાથી, યજ્ઞશાળાઓનું નિર્માણ કરવાથી, પિતૃશ્રાધ્ધ કરવાથી, આજીવન તીર્થસ્નાન દ્વારા, હજારો વૃક્ષોનું રોપણ કરવાથી, મોટા મોટા વિષ્ણુયાગ કરવાથી કોઈક જીવ આ બધા સત્કર્મોના પ્રતાપે સ્વર્ગલોકનો અધિકારી બને છે. પણ, આ પારધીએ તો આમાનું કશું જ કર્યુ ન હતું તેમ છતાં ભગવાને તેને સ્વર્ગલોકમાં મોકલ્યો જ્યાં મોટા મોટા યોગી અને તપસ્વી જ જઈ શકે છે. આ ભોળા પારધીને પ્રભુની આ અકળ લીલા સમજાઈ નહીં. પભુ તો કરુણાસિંધુ છે તેમના મનમાં તો પોતાનો વધ કરનાર માટે પણ દ્વેષ ન હોય.

પ્રભુનાં પગમાંથી રક્ત ટપકતું હતું. શરીરમાં પારાવાર પીડાઓ થતી હતી. અનેક જીવોને જીવન બક્ષનાર પ્રભુ આજે મનુષ્ય દેહ છોડવા માટે તૈયાર થઈ ગયા હતાં. જે સ્થળેથી જ્યેષ્ઠ ભ્રાતા બલરામે સ્વધામ જવા પ્રયાણ કર્યું હતું, એ જ સ્થળેથી પોતાનો આત્મા પણ પોતાના પરમધામમાં પ્રયાણ કરે એવી ઇચ્છા સાથે, કોણ જાણે કેમ આટલી બધી અપાર પીડાઓ વચ્ચે પણ ઉભા થઈને ત્રિવેણી સંગમ તરફ ચાલવા માંડ્યા. જાણે, તેમના જ્યેષ્ઠ ભ્રાતા બલરામ તેમને બોલાવી રહ્યાં હોય કે – ચાલ કાના ચાલ.... હવે આપણી જવાની વેળા આવી ગઈ છે. તું ક્યાં સુધી આ પિપળાનાં વૃક્ષ નીચે સૂતો રહીશ? હું તો ક્યારનોય તારી આવવાની રાહ જોઈ રહ્યો છું....!

**સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.**

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

પૂર્ણ પણે જીવી ગયેલા જીવનની એક એક પળોને સંપૂર્ણપણે માણીને જીવનને એક અર્થ આપીને જીવી ગયેલા ભગવાન શ્રીકૃષ્ણ આજે પોતાનાં મૃત્યુને આવકારી રહ્યાં હતાં. પોતાનાં મૃત્યુનો સહજભાવે સ્વીકારીને તેઓ અંદરથી ખૂબ જ શાંત હતાં. પણ, તેમનાં પગમાં વાગેલા તીરની વ્યથા તેમનાં હૃદયને વલોવી રહી હતી. જરા પારધી બે હાથ જોડીને પ્રભુની આ આખરી અકળ અને અવર્ણનીય લીલા જોઈને આશ્રય ચકીત થઈ રહ્યો હતો. તેમનાં ચહેરા પરનો ક્ષમાભાવ, તેમનાં અર્ધબિડાયેલા લોચન અને તેમનાં પગનાં અંગુઠામાંથી ટપકતું રક્ત જોઈ જરા–પારધી નતમસ્તકે પ્રભુને વંદન કરતો અને ક્ષમા માગતો.

– **સનતભાઈ શાહ, અમદાવાદ**

**મો.નં. ૯૬૨૪૪ ૫૮૩૫૫**

## વરસાદ

ઝરમર વરસતો વરસાદ
તાજી કરે તારી યાદ
એ વરસાદમાં ભીંજાયા હતા આપણે
હાથમાં રાખીને હાથ
આજના આ વરસતા વરસાદમાં
વ્યસ્ત તું અને વ્યસ્ત હું
ચાલ સમય કાઢ
ફરી ભીંજાયે આ વરસાદમાં
હાથમાં રાખીને હાથ
ફરક એટલો જ છે
તારા અને મારા હાથ સંકળાયેલા છે આપણા પ્રીતની સાકળમાં
નાના હાથનો એ સહવાસ
ભીંજાવાનો આનંદ કરે ખાસ

– **સી.એ. અર્ચના પરીખ, મુંબઈ**

**મો. ૯૮૬૭૦ ૬૬૪૩૬**

**CA means Can Do attitude, I may fail but I would not give up, because, I believe I can, I am a Charted Accountant.**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

# ઓળખ - Identity



"नाम गुम जायेगा, चेहरा ये बदल जायेगा
मेरी आवाज ही, पहचान है गर याद रहे"

ભારતના પાર્શ્વગાયિકા અને સંગીત નિર્દેશક લતા મંગેશકર તેમના અવાજ માટે વિશ્વ વિખ્યાત થઈ ગયાં. તેમને સ્વર સમ્રાજ્ઞી (Queen of Melody), ભારતની કોયલ, નાઈટિંગેલ ઓફ ઇન્ડિયા, વોઈસ ઓફ ધ મિલેનિયમ વિ. બિરૂદો પણ મળ્યા. આમ અવાજની ઓળખથી તેમણે નામના મેળવી.

લતા મંગેશકર તેમના ગીતોથી પ્રખ્યાત થઈ ગયા. ગાવા ઉપરાંત માનવ અવાજ ઘણા પ્રકારના હોય છે. જેમ કે, વાતો કરવી, હસવું, રડવું, ચીસો પાડવી, બૂમ બરાડા કરવા, ગુણગુણાવું વગેરે. અવાજ દ્વારા માનવ પોતાના ભાવ પણ વ્યક્ત કરી શકે છે. જેમ કે ગુસ્સો કરવો, આશ્ચર્ય પામવું, બીક લાગવી, ખુશી વ્યક્ત કરવી, શોક પ્રગટ કરવો વગેરે. દરેક વ્યક્તિનો અવાજ એકદમ અનન્ય(Unique) હોય છે. ઉચ્ચાર (accent) કરવાની રીત પણ દરેકની અલગ હોય છે. આમ વ્યક્તિના અવાજ ઉપરથી તેની ઉંમર, લિંગ અને પ્રાંતનો પણ ખ્યાલ આવી શકે છે. દુનિયામાં કોઈ પણ બે વ્યક્તિનો અવાજ એકદમ સરખો નથી હોતો. જો કે ઘણી વખત બે વ્યક્તિનો અવાજ મળતો આવે છે. ડુપ્લીકેટ ફિલ્મી હસ્તી બનીને ટીવી પર આવતા કલાકારોનો અવાજ ઘણી વખત અસલને મળતો આવે છે.

કેટલાક સમય પહેલાં ફેસબુક ઉપર મારા ટોરંટોમાં રહેતા સ્કૂલ મિત્ર ભરતનો પચાસ વરસ પછી સંપર્ક થયો. એક રાત્રે અચાનક તેનો ફોન આવ્યો. થોડી વાતચીત બાદ ભરત મને કહે 'તારો અવાજ થોડો બદલાઈ ગયો છે.' અહીં માણસનું મગજ પચાસ વરસ પહેલાના અવાજને હમણાના અવાજ સાથે સરખાવી પારખી લે છે!

આવા જ એક બીજા પ્રસંગ ઉપરથી માણસના મગજની અવાજ પારખવાની શક્તિનો ખ્યાલ આવે છે. એક સાંજે બોરીવલી રેલ્વે સ્ટેશન ઉપર એક સંબંધીને મુકવા ગયો હતો. ટ્રેન ઉપડવાને હજુ વાર હતી. હું મારા મિત્ર સાથે વાતો કરતો હતો. ત્યાં બે વ્યક્તિ અમારી સમક્ષ પસાર થઈ ગયાં. થોડી વાર પછી તેઓ

પાછા આવી મારી સમક્ષ ઊભા રહ્યાં. તેમાંના એકે મારા નામની બૂમ પાડી. હું અવાક થઈ ગયો. ધ્યાનથી જોયું તો એ મારો ત્રીસ વરસ પહેલાનો સ્કૂલ મિત્ર વિનોદ હતો. મને કહે તારા અવાજ ઉપરથી મને લાગ્યું કે આ તું જ છે. એટલે જ હું પાકું કરવા પાછો આવ્યો! કમાલ છે માણસના મગજની ત્રીસ વરસ પહેલાની અવાજને પારખવાની શક્તિને!

એમ કહેવાય છે કે કોઈ બે વ્યક્તિનો અવાજ એકદમ સરખો નથી હોતો. પરંતુ મળતો આવી શકે. મારા અને મારા પુત્રના અવાજ બાબત કાંઈક આવું જ હતું. ફોનની ઘંટડી વાગે અને હું ફોન ઉપાડી હેલો કહું અને સામેથી જવાબ આવે કે 'બેટા મમ્મીને ફોન આપ તો' ત્યારે આ અવાજના સરખાપણાની ખાતરી થઈ જાય.

માણસની ઓળખ કરવામાં અવાજ ઉપરાંત બીજા પણ ઘણા પરિબળો કામ કરે છે. જેમ કે નામ, ઉપનામ, પહેરવેશ, શરીરનો બાંધો, ચાલવાની અદા, વ્યવસાય વગેરે.

નામથી તો ઓળખ થાય જ છે પરંતુ સાથે સાથે ઉપનામનું પણ એટલું જ મહત્વ છે. કેટલાક ઉપનામ વ્યક્તિ પોતે જ આપે છે. જેમકે લેખક. તો કેટલાક ઉપનામ બીજા લોકો નક્કી કરતા હોય છે. સ્કૂલમાં ભણતા ત્યારે અમારા ચિત્રકામના શિક્ષક વર્ગમાં દાખલ થઈ બોર્ડ પર કાંઈ લખે તે પહેલાં એમનું Signature વાક્ય ઉચ્ચારતાં : "અલ્યા ઓ ઢાંઢા બધા મારી હામું જુઓ." ત્યારથી શિક્ષકનું ઉપનામ "ઢાંઢા" પડી ગયું ! ગાર્ડનમાં મોર્નીંગ વોક વાળા મિત્રોમાં કેટલાક ઉપનામથી વધારે પ્રખ્યાત હોય. એક મિત્ર સવારે ગાર્ડનમાં આવીને તરત પાણીની નાની બોટલ અને દૂધ લેવા માટેની થેલી એમના રીઝર્વ બાંકડા પર મુકે. આથી એમનું નામ "બાટલી" પડી ગયું. બાંકડા ઉપર બાટલી હોય એટલે ખબર પડી જ જાય કે 'બાટલી'એ ગાર્ડનમાં પ્રવેશ કર્યો છે!

એક દિવસ સવારે સ્વેટર પહેરી ખભે મફલર લગાવી ગાર્ડનમાં વોક માટે જતો. બીજા મિત્ર મને જોઈને કહે – આવો કેજરીવાલજી. આમ મફલર પણ એક ઓળખ બની ગઈ. થોડી વાતચીત પછી મેં એક વ્યક્તિને પૂછ્યું. ક્યાં રહેવાનું ? તો કહે K-51 બિલ્ડીંગમાં. મેં કીધું કે તમે શૈલેષભાઈને તો ઓળખતા જ હશો. એ પણ તમારા બિલ્ડીંગમાં રહે છે. તો ભાઈએ પોતાના ચશ્મા કાઢી મને કહે આ ચશ્મા એમના જ છે. આ ચશ્મા શૈલેષભાઈની દુકાનેથી લીધા છે. અહીં ચશ્માની ઓળખ કામ આવી. વ્યક્તિની ચામડીનો રંગ પણ ઓળખનું કામ કરે

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

છે. જેમકે white Americans / Europeans, Black Africans, yellow - Asians વગેરે. તે પછી ભાષાથી પણ વ્યક્તિની ઓળખ થાય છે. પાવર, પૈસા અને પોલીટીશિયોનોની ઓળખ પણ અલગ હોય છે. છેલ્લે નંબરને કેમ ભૂલાય ? જેમકે કેદી નં 420. ભારતમાં આધાર કાર્ડ આવ્યા પછી લાગે છે ભવિષ્યમાં વ્યક્તિ કદાચ આધારના નંબરથી જ ઓળખાય તો નવાઈ નહીં !

ઓળખ ડીજીટલ થયા પછી ઓળખ (ID) ની ચોરીના કિસ્સા વધી ગયાં. આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ વગેરેની કોપી કરી તમારા નામે લોન / ક્રેડીટ કાર્ડ લેવાય. બેંક એકાઉન્ટ ખોલાય વગેરે ગુનાઓ રોજબરોજ સાંભળવા મળે છે. ઓળખની ઓનલાઈન ચોરીથી બચવા નીચેના કેટલાક ઉપાયો જરૂરી છે.

(1) તમારા કમ્પ્યુટર અને મોબાઈલ ફોનમાં antivirus security software લગાવો.

(2) સોશીયલ મીડિયા પર બને તેટલી ઓછી પર્સનલ માહિતી મુકો.

(3) સોશિયલ મીડિયામાં લોગઈન કરવા strong પાસવર્ડ વાપરો.

(4) તમારા credit scoreને મોનીટર કરો.

(5) કોઈ પણ અજાણી લીંક પર ક્લીક ન કરતાં, જાણીતી વેબસાઈટ મારફત જ વ્યવહાર કરો.

(6) SMS અને ફોન કોલથી આવતી લલચામણી ઓફરનો ત્યાગ કરો.

(7) બેંક એકાઉન્ટમાં મોબાઈલ નંબર રજીસ્ટર કરી રેગ્યુલર એલર્ટ મેળવો.

શ્રેષ્ઠ ઓળખ કોને કહેવાય ? સંસ્કૃતનો એક શ્લોક બધું કહી જાય છે:

स्वयंभ्य ख्याताः उतमा : । पितृभ्यः ख्याताः मध्यमाः ।
मातृभ्यः ख्याता अधमाः । श्वसुरभ्यः ख्याताः अधमोधमाः ।

પોતાની આવડતથી જે ઓળખાય છે તે ઉત્તમ છે. પિતાના નામથી ઓળખાય તે મધ્યમ છે. માતાના નામથી ઓળખાય તે અધમ છે અને સસરાના નામથી ઓળખાય તે અધમોમાં અધમ છે. સારી ઓળખ ઉભી કરો. ઓળખાણની જરૂર નહીં પડે.

– અમૃતભાઈ વાયડા,મુંબઈ
મો. ૯૮૨૧૪ ૬૩૭૯૫

આપ UIDAI સાઈટ ઉપર જઈને આપના બાયોમેટ્રિક્સને લોક કરી દેશો જેથી તેને આધારે કોઈ ફ્રોડ ન થાઈ શકે. –તંત્રી

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી 'વાયડામિત્ર' પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી 'વાયડામિત્ર'ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. અમે તે સૌનાં આભારી છીએ. વાયડામિત્રને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો જણાવવા આગ્રહભરી વિનંતી છે.

- આ વર્ષે દિવાળી અંક **ઑક્ટોબરની મધ્યે** પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ ખાસ નોંધ લેવા વિનંતી છે.
- દિવાળી અંકનાં અંદરનાં પાનાંઓમાં આગલા વર્ષે જેમની જા.ખ. છપાઈ હોય તેમની જા.ખ. બીજા વર્ષે પણ રિપીટ કરવામાં આવે છે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો તા. ૨૫-૦૯-૨૦૨૧ સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- દિવાળી અંકના ટાઈટલ પેજ (૨,૩,૪) ઉપર ઘણાં ભાઈ-બહેનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૩૦૦૦/- તથા ૬(છ) ઈનર કવર પેજનો દર રૂ. ૨૦૦૦/- રાખેલ છે. ૨૫-૦૯-૨૦૨૧ પહેલાં જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને મલ્ટી કલર પેજ છાપવાનો દર **રૂ. ૧૫૦૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ. ૬૫૦/-** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ. ૩૫૦/-** છે.
- દિવાળી અંક માટેની જા.ખ. ફક્ત jpeg ફાઈલમાં મોકલવાની રહેશે.
- જા.ખ.ની સાઈઝ 12 cm (W) x 16 cm (H) ની રહેશે.
- **દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૦૯-૨૦૨૧ છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા જેની સૌ વાચકમિત્રો એ સવિશેષ નોંધ લેવી.**

**- વ્યવસ્થાપક**

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# કૃષ્ણઃ સહજ છે એટલે સમજાતા નથી



(જન્માષ્ટમી પર્વ પર વિશેષ લેખ)

કૃષ્ણ ભારે વિચિત્ર છે, વિલક્ષણ છે. તેઓ ક્યારે શું કરશે તેની કોઈને ખબર નથી. ગોકુળની ધૂળમાં મળી આવતા મોરપિચ્છને મસ્તક પર ધારણ કરે છે પણ કંસવધ પછી રાજગાદીરૂપે મસ્તકે મળતા મુકૂટનો ત્યાગ કરે છે. કૃષ્ણ સહજ છે એટલે સમજાતા નથી. ચોરી કરવી એ ગુનો છે પણ એ માખણ ચોરે છે. એક યોદ્ધા માટે યુદ્ધનું મેદાન છોડીને ભાગી જવું એ કલંક છે પણ તેઓ રણ છોડીને ભાગ્યા. જિંદગીભર બીજાની અપૂર્ણતાને પૂર્ણ કરતા રહ્યા અને પૂર્ણ પુરુષ કહેવાયા. કૃષ્ણ એક રોમાંચ છે, એક ખ્વાહિશ છે, એક અભિપ્સા છે.

કૃષ્ણની મહાનતા છે – સ્વીકાર. જીવન સારા-નરસા પાસાંઓનું બનેલું છે. તેઓ દરેક પરિસ્થિતિ અને વ્યક્તિને પોતે છે તેવા સ્વીકારે છે. કૃષ્ણના જીવનમાં મુખ્યત્વે ત્રણ સ્રીઓ આવી. રાધા ગામડાની ભોળી ગોપી છે. કાવાદાવાની તેને સમજણ નથી. સરળ છે. કૃષ્ણ તેને ચાલાકી શીખવાનું કહેતા નથી. તેનું ભોળપણ તેઓ અકબંધ રાખે છે. પરિણામે રાધા સિવાય કૃષ્ણની કલ્પના આજે થઈ શક્તી નથી. દ્રૌપદી તેઓની સખી છે. શહેરની છે, રાજવી કુટુંબમાંથી આવે છે, તેજસ્વી છે કારણ કે અગ્નિમાંથી જન્મી છે. તીખી પ્રતિક્રિયા આપે છે પણ કૃષ્ણ તેને જાળવી લે છે. કૃષ્ણના તેની સાથેના સંબંધો એક નવો આયામ રચી આપે છે. રુક્ષ્મણી તેમની પત્ની છે, તેનામાં એક ગરિમા છે, એક પ્રકારની ઠાવકાઈ છે. દરેક વ્યક્તિ સાથે તેના સંબંધો સુમધુર છે. રાજરાણી તરીકે શોભી ઉઠે છે, તે કુટુંબપ્રિય છે. તેની સાથે કૃષ્ણ પ્રસન્ન દામ્પત્યજીવન માણે છે.

કૃષ્ણ મેનેજમેન્ટના માણસ છે. એ નિયમો બનાવે છે અને એ જ નિયમો તોડે છે. કૃષ્ણની અહિંસા, ગાંધીજીની અહિંસા કરતા વધારે ધારદાર છે. ગાંધીજીએ કહ્યું-કોઈ એક તમાચો મારે તો બીજો ગાલ ધરવો. કૃષ્ણે કહ્યું-કોઈ એક નહીં સો ગાળ આપે તો સહન કરી લો પરંતુ એકસો એકમી તો નહીં જ. પછી સામેની વ્યક્તિને તમારી શક્તિનો પરચો બતાવવાનો છે. સોયની અણી

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

જેટલી જમીન પણ આપવાની ના પાડવામાં આવતી નથી ત્યાં સુધી તેઓ યુદ્ધના માર્ગે આગળ વધતા નથી પણ યુદ્ધ આવી પડે છે ત્યારે પાછળ વળીને જોતાં નથી. જીત માટે જે કરવું પડે તે બધું જ કરીને વિજય અપાવે છે.

અહિંસા ક્યારે પૂરી કરવી અને હિંસા ક્યારે શરૂ કરવી એની કૃષ્ણને બરાબર ખબર છે.

કૃષ્ણ વ્યવહારુ છે. તેઓ પોતાની શસ્ત્ર ઉપાડવાની પ્રતિજ્ઞા તોડે છે. ભીષ્મને નિષ્ક્રિય કરવા શિખંડીને આગળ ધરવાની કૂટનીતિ તેમને બખૂબી આવડે છે. કર્ણના રથનું પૈડું જમીનમાં ધસી જાય છે ત્યારે અર્જુનને તેને મારવા ઉશ્કેરે છે. દ્રોણને નાસીપાસ કરવા યુધિષ્ઠિર પાસે દ્વિઅર્થી વાક્યથી બોલાવે છે. દુર્યોધનને મારવા ભીમને જાંઘ પર ઈશારો કરે છે. અધર્મને હણવા અધર્મનું જ શસ્ત્ર અજમાવવા કૃષ્ણ સંકોચ નથી અનુભવતા.

ગોકુળ-વૃંદાવનમાં તેઓ વાંસળી વગાડે છે અને કુરુક્ષેત્રની રણભૂમિ પર પાંચજન્ય શંખ ફૂંકે છે. મોરપિચ્છની સાથે સુદર્શન ચક્ર પણ ધારણ કરે છે. જ્યાં જેનો ઉપયોગ કરવાનો હોય તે યોગ્ય સમયે કરે છે. વૃંદાવનની રાસલીલા અને કુરુક્ષેત્રની સંહારલીલા તેમના જીવનમાં આવી. કૃષ્ણ સમજની બહાર છે એટલે દરેક સમાજ પોતપોતાને અનુકૂળ એવા કૃષ્ણને અપનાવી લે છે.

કૃષ્ણને સમજવા અઘરા છે. તેઓ અર્જુનને 'સર્વધર્માન્યપરિતજય મામેકં શરણં વ્રજ' અધિકારથી કહે છે પણ 'યથેચ્છસિ તથા કુરુ' કહીને નિર્ણય અર્જુન પર છોડી દે છે. કૃષ્ણ કોઈ સિદ્ધાંત પકડીને ચાલતા નથી. તે જે કરે તે જ સિદ્ધાંત બની જાય છે.

બાળપણની એ ઉંમરમાં માખણ ચોરવું સહજ હતું. થોડીક મોટી ઉંમરે ગોપીઓના વસ્ત્રો ચોરવા સહજ હતા. તેમના સાહજિકપણને કારણે તેઓ સમજાયા નથી. કૃષ્ણ કશામાં બંધાયા નથી એટલે જ કૃષ્ણ સર્વત્ર છે પણ ક્યાંય નથી. કૃષ્ણના જીવનમાં એ બધું જ છે જે કોઈ એક વ્યક્તિના જીવનમાં હોવું અસંભવ છે.

અનાસક્તિ એ વૈરાગ્ય નથી. અનાસક્તિ એટલે નોન-એટેચમેન્ટ. કશુંક ભોગવવું અને છતાંય તેની પ્રત્યે મોહ ન રાખવો. તેઓ રાધાને અનહદ પ્રેમ કરે

છે પછી એક સમયે તેને બાજુ પર મૂકીને આગળ વધી જાય છે. તેને મળવા કે પામવા માટે તેઓ પાછા ફરતા નથી. અર્જુનને ફળની ચિંતા કર્યા વગર કર્મ કરવાની સલાહ આપે છે. એ તેમનું ડીટેચમેન્ટ છે.

કૃષ્ણને જન્મથી જ મૃત્યુનો ભય હતો. જે માણસની સાથે સતત મૃત્યુ હોય તે જ જીવનનો સાચી રીતે સમજી શકે. કૃષ્ણ જીવનમાં સહજ છે માટે સરળ અર્જુન કૃષ્ણનો પ્રીતિપાત્ર બની શક્યો અને દુર્યોધન કપટી હતો માટે દૂર રહી ગયો.

કૃષ્ણ પાસેથી એક વાત શીખવા જેવી છે. જ્યાં બોલવાનું છે ત્યાં બોલ્યા જ છે, જ્યાં ચૂપ રહેવાનું છે ત્યાં બિલકુલ બોલ્યા નથી. ક્યારે શું બોલવું તે પણ વિવેક છે. બોલવું હતું ત્યારે ન બોલીને ભીષ્મ અને ન બોલવાનું હતું ત્યારે બોલીને દ્રૌપદી વિવેક ચુકી ગયા.

કૃષ્ણને એક મનોવૈજ્ઞાનિક તરીકે પણ જોવા પડે. તેઓ ભીષ્મ, દ્રોણ અને કર્ણના અવચેતન મનને પારખી લે છે અને તે બધાં જ કૃષ્ણને અનુસરે છે. દ્રૌપદીને પણ તેઓ ઈમોશનલી ટ્રીટ કરે છે. કૃષ્ણ પાસે ખૂબી છે જે સામેની વ્યક્તિને પોતાના વિચારો સ્વીકારવા રાજી કરે છે.

કૃષ્ણ જીવનની રીતે રીતસરની હેલી છે. તેઓ ધોધમાર વરસ્યા છે. તેમના જીવનમાં બે વાત પ્રગટ થઈ–ધર્મ અને પ્રેમ. દુનિયાનું બધું જ તત્ત્વજ્ઞાન ખરી પડે તો ય માનવજાત બચી જાય પણ પ્રેમ ખૂટી પડે તો બધું જ મરી પરવારશે. કૃષ્ણને સમજવા અઘરા છે તે માટે પ્રયત્ન ન કરો. તેમને માત્ર પ્રેમ કરો. કૃષ્ણ પ્રેમનો પર્યાય છે. એટલે અનંત સમય સુધી આપણા મનમાં રહેશે.

કૃષ્ણને તર્કથી ન પામી શકાય, બુદ્ધિથી ફૂટપટ્ટી તેમને માપવા ટૂંકી પડે. કૃષ્ણ એ ગણિતનો વિષય નથી, દલીલબાજીનો વિષય નથી. કૃષ્ણ કલાનો વિષય છે. તે ગીત–સંગીત–નૃત્ય–પ્રેમનો વિષય છે.

કૃષ્ણ શું છે ? તોફાની બાળક, વિચક્ષણ વિદ્યાર્થી, આદર્શ મિત્ર, મહાન નેતા અને મહાનતમ ગુરુ છે. કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્‌ । તેઓ પ્રત્યાયનમાં કુશળ છે. જ્ઞાનનો મહાસાગર છે અને દરેક સમયે તેઓ પ્રસન્ન હોય છે.

કૃષ્ણ એટલે શું ? ચિર યૌવન. યુવાનીનો મહિમા એ કૃષ્ણનો મહિમા છે. કૃષ્ણ દશ વર્ષની ઉંમરે ગોકુળ છોડી જતા રહ્યાં. યુવાની એટલે જ મુક્તિ. યુવાની

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

અને મુક્તિનો મહિમા કર્યા વગર કૃષ્ણની આરાધના અધૂરી છે.

મહાભારતના કૃષ્ણ અત્યારે વધુ પ્રસ્તુત છે. અધર્મને હણવાની લડાઈ કેવી રીતે લડવી તે તેઓ શીખવે છે. એકવીસમી સદી કૃષ્ણની બનવાની છે. આજની પેઢી કૃષ્ણથી ઓછા ડાયનેમિક ભગવાનને સ્વીકારે તે શક્ય નથી.

કૃષ્ણ ક્યાં છે? કૃષ્ણ બધે જ છે. તેઓ અર્જુનના ઋજુપણામાં, દ્રૌપદીના સખ્યમાં, ભીષ્મની શ્રદ્ધામાં, વિદુરની નીતિમાં, દેવકીની પૂજામાં, નંદની આંખોમાં, યશોદાના હૃદયમાં, રાધાના રોમેરોમમાં અને વ્રજભૂમિના કણેકણમાં છે.

તમારે કૃષ્ણને જોવા છે? હા, પણ તમારી પાસે એ આંખ છે જે કૃષ્ણને વ્રજની ગાયોના નેત્રમાં, યમુનાના શ્યામ વહેણમાં, નારદની વીણાના સ્પંદનમાં, વ્રજની નિકુંજમાં, રાધાના વિરહમાં, ગોકુળની ગલીઓમાં પડતા પગલાની ધૂળમાં જોઈ શકે છે? કૃષ્ણ તો આજે પણ છે પરંતુ એ પ્રકારની દૃષ્ટિ છે?

આપણી વિડંબણા શું છે? આપણે કૃષ્ણના જીવન મૂલ્યોને ભૂલી ગયા છીએ. આપણે પ્રેમ કરવાની શક્તિ ગુમાવી બેઠા છીએ. સત્તા મેળવવાની લાલચમાં, ડહાપણના અભાવે, જીવન જીવવાનું ભૂલી ગયા છીએ. કોઈને આપીને આનંદ આવે છે તે ખ્યાલ ચૂકી ગયા છીએ. માણસ મધુવનને ભૂલી ગયો છે. આપણે આપણી જાતને કુરુક્ષેત્ર તરફ ધકેલી દીધી છે. જ્યારે આપણે પ્રેમ કરવાનું છોડીએ છીએ, ત્યારે અધર્મને આવકારીએ છીએ. કૃષ્ણને પામવા માટે Capital I (અહંકાર)માંથી મુક્ત થવું પડે. કર્તા ઓગળી જાય અને માત્ર ક્રિયાપદ રહી જાય તો કૃષ્ણ મળે.

આ જન્માષ્ટમી પર પારણું નહીં ઝુલાવો તો ચાલશે પણ કૃષ્ણે જીવનભર દરેક સાથે સંબંધો કેળવ્યા તે રીતે તમે પણ સંબંધોને જાળવજો. સંબંધોના ટકી જવા અને એને જીવી જવા એ જ જિંદગીનું બીજું નામ છે. જીવન સફળ થઈ જશે અને કૃષ્ણને પણ તે ગમશે.

કૃષ્ણ પ્રેમમાં આપણું રોમ-રોમ એકાદ ક્ષણ પણ નર્તન કરી જાય તો આપણો બેડો પાર થઈ જાય !

– હિમાંશુ શાહ, અમદાવાદ,
ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર
મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

# Online, Education ?!!



Across the globe, in the midst of the pandemic, we all are forced to remain in some degree of isolation. That has compelled us to go online. Schools have started conducting kindergarten activities online and universities ended up taking Ph.d. defence seminars online. We got so carried away by this idea that we started calling this online education ! One year down the line, now is time to access the impact and formally evaluate these activities to check if it really falls into the domain of Education.

Flipped classrooms, ARVR (augmented reality, virtual reality) enabled classroms and laboratories, web-content replacing the textbooks, online examinations, remotely exercised mentorship programs, total absence of class-room teaching and minimal intervention from teachers has transformed the way in which we implement education. In case of conventional offline education, we already have clearly defined “Course-outcomes (CO)” and “Program Specific Outcomes (PSO)” for all courses and programs right from primary school to postgraduate studies. Let’s evaluate these COs, PSOs for online system and let’s obtain the “attainment matrices” afresh. If these indicators are found to be at par with that of offline system then we should continue to evolve this newer system. However, if we find that we need to redefine the COs and PSOs and need to tweak the attainment matrices, then it surely indicates that the sooner we dump these novel methodologies and go back to older system better it is.

Idea of online education seems to fail on many aspect. First of all, it accentuates digital divide. Life and learning both are analog experiences. Whereas, online system shows total disrespect for analog domain and thrives only in digital domain. It ruthlessly excludes those who do not know English or those who do not have access to electricity, smart gadgets and internet. There is no room to accommodate slow learners or those who have inferior eyesight or have shaky hands.

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિધાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

We should also accept the reality that, both teaching and learning are multidimensional processes, whereas online experience is always confined to a 2D screen. In online case, onus is on the student to bridge this dimension-gap and acquire the stipulated skill and knowledge. A mother has to continuously sit beside the school-student and help him comprehend whatever is happening on the screen. Senior students are left to fend for themselves. They need to first develop a 'mechanism of learning' for their individual self and then *learn*. On one side of the screen we have a teacher and a content-developer and on the other side of the screen we have comprehender and a student. Presence of these two additional elements in the chain throws this entire exercise out of the shpere of education. Entire experience of teaching and learning limps at this point and hence market forces creep in.

By its nature, content-development is a self-centeric exercise which does not care to see who the audience is. it is oblivious to the diversity of audience. On the other hand, a comprehender has neither received any training for his job nor does he have any idea of what the targeted COs are. No matter how hard does every individual in this chain try to bridge the dimension-gap, their uncorrelated efforts tend to fail in fulfilling the desired objectives.

Let's also check the environment in which online education takes place. In offline mode, a teacher and students enter a classroom and without any additional resources or support-structure education comes about. Teacher imparts the vision while teaching and gives adequate revision before the exams. Whereas in online mode, content is imparted for once in real-time on lifeless screen and re-run of the recording can be played whenever exam approaches. The fact that, the teacher does not require a class-room space for teaching makes his work-environment spaceless. Whilst, the student is not bound to a time-table. That makes the environment timeless for him. Absence of time and space in the experience of teaching and learning on either end makes mockery of education system. The experience is indeed very frustrating from teachers' end and equally hopeless from students' end. Shall we still call it an education system ?

**– ડો. સોરમ કોટિયા,વડોદરા, મો. ૯૪૨૬૮૦૬૧૫૨**

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# ક્વોલિટી અને ઈલેક્ટ્રોનિક્સમાં સર્વોચ્ચ દેશ જાપાનની મુલાકાત



સપ્ટેમ્બર – ૧૯૯૭, ઉગતા સૂર્યના દેશ જાપાનનો પ્રવાસ. જે હતી મારા જીવનની પહેલી વિદેશ યાત્રા. આ આખો પ્રવાસ મારા જીવનની સૌથી 'યાદગાર પળ'. અદ્‌ભૂત, અવિસ્મરણીય, યાદગાર પ્રવાસ.

GCMMF (અમૂલ) દ્વારા ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ્સ (TQM)ના અભ્યાસાર્થે આખી ટૂરનું આયોજન સ્પોન્સર્ડ કરેલ હતું. અમે સૌ AOTS સ્ટડી સેન્ટર યોકોહામા (Yokohama) શહેરમાં ૧૫ દિવસ રહ્યાં અને જાપાનીઝ મેનેજમેન્ટ શીખવા સાથે જાપાનીઝ સંસ્કૃતિ, લોકો, ગવર્નન્સ, ટ્રાન્સપોર્ટ વિષે ઘણી જાણકારી મેળવી હતી.

જાપાનના પ્રવાસ દરમિયાન ટોક્યો (Tokyo), ક્યોટો (Kyoto), કોબે (Kobe), યોકોહામા (Yokohama), ગીન્ઝા (Ginja) જેવા અનેક શહેરોની 'બુલેટ ટ્રેન'માં સફર માણી હતી. ૧૯૯૭માં જાપાનમાં અમે તેઓની અતિ આધુનિક રેલવે, બસ, ટેક્સી જેવી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માણી. જાપાનીઝ લોકો 'સમયની શિસ્ત' તેમ જ 'ગુણવત્તાના આગ્રહી' હોય છે. તે લોકો અને દેશદાઝ, મોર્ડન તેમ જ ટ્રેડિશનલ ગુણોનો સંગમ ધરાવે છે. તેમની પાસેથી ઘણું જાણવા મળ્યું.

અમારા પ્રવાસ દરમ્યાન સુપર માર્કેટ, પાર્લર્સ, Snowbrand ના પ્લાન્ટ, Shiseido-જાપાનની એક અગ્રગણ્ય કોસ્મેટીક કંપની, 'Onehour' Rice Wine ફેક્ટરી, સોની વર્લ્ડ સેન્ટર વગેરેની મુલાકાત લીધી. જાપાનીઝ મેનેજમેન્ટ, કાઈઝેન, ૫–એસ નિયમો, Tqm વગેરે વિશે જાણકારી મેળવી અને ભારત આવી કંપનીમાં અમલ કર્યો હતો.

જાપાનમાં ફરવા તેમ જ જોવાલાયક સ્થળો ઘણાં છે. કિંગ પેલેસ, ટોકયો ટાવર, એગ્રી અને ફલાવર્સ પાર્ક, રેલવે સ્ટેશન, બુદ્ધમંદિરો, બુલેટ ટેન, ઈલેકટ્રોનિક શહેર (આખું શહેર આ નામથી જાણીતું છે ત્યાં ફક્ત ઈલેક્ટ્રોનિક પ્રોડકટસના સ્ટોર્સ છે) જેવા સ્થળોની મુલાકાત લીધી હતી.

જાપાનીઝ ફૂડની વાત કરું તો ૧૯૯૭માં જાપાનનું રાષ્ટ્રીય ફૂડ MISO Soup, Sushi, રાઈસ અને રાઈસમાંથી બનાવેલા વાઈન, લોકલ મીઠાઈઓ તેમ જ જાણીતી

જાપાનીઝ ચ્હા (Tea) નો દર રોજ આસ્વાદ માણ્યો હતો.

જાપાનીઝ સંસ્કૃતિ તેમ જ મ્યુઝીક વગેરેનો પણ અભ્યાસ કર્યો. જાપાનીઝ લોકો શાંતિપ્રિય, ધીમેથી બોલનારા, ખુદની મસ્તીમાં રહેનારા, Workholic તેમ જ કામમાં સર્વોચ્ચ દેખાવ કરનારા લાગ્યા.

આખો દેશ ખૂબ જ શિસ્તપ્રિય, ચોખ્ખાઈમાં માનનારો, ક્વોલિટીમાં માનનારો, પોતાની જાપાનીઝ સંસ્કૃતિને માન આપનારો, ટ્રેડીશનલ Values જાળવનારો તેમ જ દેશદાઝ ધરાવનારો લાગ્યો. ક્યાંય બૂમાબૂમ નડીં, ઝઘડો નહીં, ગંદકી નહીં, ટ્રાફિકજામ નહીં, ટ્રેનો પણ સમયસર, બસો પણ સમયસર રહેતી. એક ક્ષણ પણ મોડું નહીં. જાપાનીઝ 'કીમોનો' પોષાક પહેરી જાપાનીઝ tea ની મઝા માણી. તેમજ 'સુમો' કુસ્તી પણ જોવાની તક મળી. એકંદરે ખૂબ જ યાદગાર પ્રવાસ રહ્યો. આ દેશને જાણવા, માણવા માટે પ્રવાસ કરવા જેવો ખરો.

– રાજેશ શાહ, અમદાવાદ
મો. ૯૮૭૯૫ ૨૬૪૫૯


## સ્વીટ એન્ડીંગ ★★★

## (હોમમેડ આઈટમસ)

ચોકલેટ (ડાર્ક, સ્વીટ, વ્હાઈટ, ફરેરો રોશર, ડ્રાયફ્રુટ, ચોકોચીપ્સ, બટરસ્કોચ) ચોકલેટ બુકે, ફોટો બુકે (તમારી પસંદ પ્રમાણે) હોમ મેડ મીણબત્તી (સુગંધવાળી, નોર્મલ અને તમે કહો એ થીમની)

રેસીન આર્ટ (કીચન ટ્રે)

ક્વીલીંગ આર્ટ (કાર્ડ, શો પીસ, કવર)

કપ કેક (બધા જ પ્રકારની)

મુખવાસ (100 gm, 250 gm, 500 gm, 1 kg)

**જીજ્ઞા પરીખ**
35, પ્રોફેસર કોલોની,
વિજય રેસ્ટોરન્ટની નજીક,
ચાઈલ્ડ કેરની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ.
Mobile : 94287 37580

## આપણી જીંદગી, તેમનો વેપાર



જ્યારથી મેસેન્જર એપ વોટ્સએપની નવી શરતો લાગુ કરવાની પોલીસી આવી છે, ત્યારથી તેને અલાઉ કરવું કે ડીનાય તેના પર ચર્ચા ચાલી રહી છે. ભવિષ્યમાં પણ નવી શરતો પ્રમાણે વોટ્સએપ આપણા તમામ ડેટા (કોન્ટેક્ટ, ફોટો, વિડિયો વિગેરે ) ને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સાથે શેર કરશે તથા તેના કારણે મલ્ટી નેશનલ કંપની તે ડેટાની હિસાબે વિવિધ પ્રકારના શોપિંગ ઓપ્શન હોય કે ચુંટણીલક્ષી જાહેરાતો હોય કે કોઈ વિચારધારાને લાગુ કરવી હોય તે ડેટાના આધારે વિવિધ નિર્ણયો લેશે.

આ પહેલાં પણ આ રીતની ઘટનાઓ બની ચુકી હતી, ફેસબુક પર રહેલો આપણો તમામ ડેટા તેઓએ ચુંટણી માં લોકો ને પ્રભાવિત કરવા માટે વાપર્યો હતો, તથા એક સમયે 'ડિલીટ ફેસબુક' અભિયાન પણ ચાલ્યું હતું. ઈન્સ્ટાગ્રામ તો ફોટોગ્રાફની જ ખાસ સોશ્યલ મીડિયા એપ છે. ટ્વીટરનો ખાસ ઉપયોગ લોકો પોતાના વિચારો અને ફરીયાદો ઉપલા અધિકારી સુધી પહોંચાડવા માટે કરતા હોય છે. હવે, તો તેઓ ડોનાલ્ડ ટ્રમ્પ જેવા પાવરફુલ વ્યક્તિનું એકાઉન્ટ પણ સસ્પેન્ડ કરી શકે છે, તો આપણી શું વિસાત છે?

આ તમામ સોશ્યલ મીડિયા એપ કે મેસેન્જર એપનો ઉપયોગ આપણે સામાજિક રીતે એકબીજા સાથે જોડાયેલા રહીએ તેના માટે કરીએ છીએ. મનુષ્ય "સામાજિક પ્રાણી" છે (મનુષ્યને સામાજિક પ્રાણી કહેવું યોગ્ય તો નથી લાગતું) આપણને સમાજમાં રહેવું ગમે છે, સગાં સંબંધીઓના ફોટા કે વિડિયો આપણને જોવા હોય છે, તેઓના સુખ-દુ:ખમાં આપણે ભાગીદાર થવા માંગીએ છીએ, તેના માટે આપણે વિવિધ રસ્તાઓ શોધતા હોઈએ છીએ, હાથવગો ઉપાય આપણે જલ્દીથી અપનાવી લઈએ છીએ અને તે આપણો સ્માર્ટ ફોન છે, કોરોનામાં આપણને સોશ્યલ ડીસ્ટન્સીન્ગ રાખવાનું કહેવામાં આવ્યું, આપણે તેનો અમલ પણ કર્યો, પરંતુ હવે આપણે સોશ્યલ મીડિયા થી ડીસ્ટન્સીન્ગ રાખવું જરૂરી હોય તેમ લાગે છે.

મલ્ટી નેશનલ કંપનીઓ પોતાનો બિઝનેસ વધારવા માટે વિવિધ રસ્તાઓ શોધતી જ

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

હોય છે, તેમાં હવે મેસેન્જર એપ અને સોશ્યલ મીડિયા એપ પણ સામેલ છે, દરેક વેબસાઇટ કે વિડિયો તેમ કહેતી હોય છે કે "અમારી એપ ડાઉનલોડ કરો, વિડિયો ચેનલ સબસ્ક્રાઈબ કરો, એપને વિવિધ પરમિશન આપો" અને આપણે તેનો ઉપયોગ કરવો હોવાથી વિવિધ પરમિશન તેમને આપી દઈએ છીએ. તેઓ આ પરમિશનનો દુરુપયોગ કરે છે. આપણા તમામ ડેટા, આપણી તમામ ગતિવિધિઓ પર તેઓ સતત ૨૪ કલાક નજર રાખતી હોય છે. તેને કારણે તેઓ આપણને ગમતી વાતો સતત આપણને મોકલતા રહેતા હોય છે. તેઓ આપણી અંગત વાતોનો ઉપયોગ તેમનો વેપાર વધારવા માટે કરવા લાગે છે, તેની આપણને ખબર પણ નથી હોતી. અત્યારે એવું છે કે જાણે મોબાઈલ આપણું સર્વસ્વ છે અને સત્ય પણ એ જ છે કે આપણું જીવન મોબાઇલ પ્રમાણે ચાલે છે. વોટ્સએપના દરેક મેસેજ આપણને જોવા હોય છે, અને પાછાં સૌથી પહેલાં ફોરવર્ડ પણ કરવા હોય છે. કોરોનાનું જ્ઞાન જાણે ફક્ત વોટ્સએપ પર જ મળતું હતું. તે રીતે લોકડાઉન માં ઢગલાબંધ મેસેજ આપણને કોરોનાના મળ્યાં હતાં પણ લગભગ કોઈએ સરકારી વેબસાઇટ પર જઇને સત્ય જાણવાની તસ્દી નથી લીધી.

વર્લ્ડ વાઈડ વેબ અને ઇન્ટરનેટ નું આ જાળું કરોળિયા ના જાળાં જેવું લાગે છે, તેમાં જેટલા અંદર જાવ તેમ ફસાતા જાવ. તેમાંથી બહાર નીકળવું અઘરું થઈ જાય છે. હજુ પણ આપણી પાસે તક છે કે સોશ્યલ મીડિયાની આ માયાજાળમાંથી બહાર નીકળી જઈએ, આપણી પાસે કદાચ આ છેલ્લી તક છે કે સોશ્યલ મીડિયાને અલવિદા કરી દઈએ કારણ કે સિગ્નલ એપ કે ટેલીગ્રામ એપ હાલ પુરતી સારી છે કે આપણી અંગત માહિતી તેઓ નથી લેતા. ભવિષ્યમાં તેઓ પણ વોટ્સએપ જેવું કરે તો નવાઈ નહીં. પેલી આપણી જુની, પુરાણી, સાદી મેસેજ એપ, જે આપણા ફોન માં નિષ્ક્રિય પડી રહી છે તેને અપડેટ કરીને વાપરવા જેવી ખરી. તે સંપૂર્ણ સિક્યોર હોય તેવું લાગે છે.

"વોટ્સએપ વિચાર"

ભારતમાં વોટ્સએપ વર્ષ ૨૦૧૦માં આવી, અત્યારે તેના ભારતમાં ૪૦ કરોડ યુઝર્સ છે, હવે તો વોટ્સએપ પેમેન્ટ સર્વિસ પણ ચાલુ થઈ ગઈ છે, વોટ્સએપની વધતી લોકપ્રિયતા જોઈ ભારતમાં મલ્ટી નેશનલ કંપનીઓને મલાઈ દેખાઈ રહી હોય તેમ લાગે છે.

– રિપલકુમાર પરીખ, અમદાવાદ
મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા

## ભાદરવા માસનો હવન

શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા મુકામે ભાદરવા સુદ-5, તા. 1-9-2022 ગુરુવારના શુભ દિવસે હવન થશે. શ્રીફળ હોમવાનો શુભ સમય સાંજે 6-00 કલાકે રહેશે. ત્યાર બાદ આરતી થશે. કોઈ પણ વાયડા જ્ઞાતિજન, હવનના યજમાન નિ:શુલ્ક થઈ શકશે તે માટે શ્રી વાયુદેવતા મંદિરે પુજારી શ્રી દત્તુભાઈનો(Mobile : 98983 07510)નો સંપર્ક કરી, તમારું નામ, સરનામું અને કોન્ટેક્ટ નંબર લખાવશો.

હવનની પૂર્ણાહુતિ બાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોના સુખાર્થે શ્રી વાયુપુરાણ ગ્રંથનું પારાયણ, જ્ઞાતિના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવશે.

ઉપરોક્ત શુભકાર્યમાં આપ સૌને સહકુટુંબ ઉપસ્થિત રહી, હવન, આરતી અને પ્રસાદનો લાભ મેળવવા વિનંતી છે.

## ઉજાણી

ચાલુ વર્ષે ભાદરવા સુદ–6ના 2-9-2022ના શુક્રવારના શુભ દિવસે વાયડા જ્ઞાતિજનો માટે ઉજાણીનું આયોજન પણ કરવામાં આવશે. જેની વિગતો આપ સૌને અલગથી જણાવવામાં આવશે.

## મંદિર મેઈન્ટેનન્સ

વિશા વાયડા વણિક જ્ઞાતિજનો દ્વારા રૂ. 300/- અને ટ્રસ્ટીઓ દ્વારા રૂ. 500/- નો ફાળો જમા કરાવવા વિનંતી છે.

આપ યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયાના ખાતા નં. 464802010003711, માયકર કોડ નં. 390026010, IFSC No. UBIN0546488 દ્વારા વિશા વાયડા વણિક પંચના ખાતામાં પણ રકમ જમા કરાવી શકશો. સ્લીપ મોબાઈલ નં 99740 18302 ઉપર વોટસએપથી કરવાની રહેશે. પાવતી વોટસએપથી આપને મોકલવામાં આવશે.

આપ સૌ ઉપરોક્ત શુભકાર્યમાં ભાગીદારી થશો તેવી આશા સાથે...

**– શ્રી વાયુદેવતા મંદીર બાજવાડા, વડોદરા-1**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

તારીખ 2-9-2022 શુક્રવારના રોજ વાયડ મુકામે ભાદરવા સુદ-6 નો શ્રી માતાજીના નવચંડી હવનનું આયોજન કરેલ છે. તો સર્વે જ્ઞાતિજનોને દર્શનનો લાભ લેવા વિનંતી.

શ્રીફળ હોમવાનો સમય 4-30 કલાકથી 5-00 કલાક સુધી રહેશે. હવન પછી પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી જે જ્ઞાતિજનો દર્શન કરવા આવવાના હોય તેમણે સંસ્થાના મંત્રી અજયભાઈ પરીખને ફોનથી 30-8-2022 સુધી જાણ કરવી, જેથી પ્રસાદની સુચારૂ વ્યવસ્થા થઈ શકે.

પ્રસાદનો સમય સાંજે 6-00 કલાકે રહેશે.

આ વખતનાં હવનનો લાભ શ્રી સતિષભાઈ દલાલ, મુંબઈએ લીધેલ છે.

**અજય અરવિંદભાઈ પરીખ** — **મંત્રી**

**રમેન્દ્રભાઈ જે. પરીખ** — **પ્રમુખ**

**Mobile : 98246 67323**

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

સંસ્થાને નીચે મુજબ રોકડ રકમ ભેટ મળેલ છે.

રૂ. 15,001/- (અંકે રૂપિયા પંદર હજાર એક પુરા)

સ્વ. નવનીતભાઈ પી. શાહ તથા સ્વ. રજનીબેન એન. શાહ

હ. યોગેશભાઈ શાહ, ગામ પુના.

**અજય અરવિંદભાઈ પરીખ**
મંત્રી

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

ભાદરવા સુદ 6 તારીખ 2-9-2022 ના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર ખાતે યોજાનાર હવન તથા ધજાજીની ઉચ્છામણી તારીખ 21-8-2022 ને રવિવારે સવારે 11-30 વાગે શ્રી વાયુદેવતાજી મંદિર, નારાયણ નગર, અમદાવાદ ખાતે રાખેલ છે. સમસ્ત જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી.

**– શ્રી રમેન્દ્ર જે. પરીખ,**
**પ્રમુખ**

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ

મંડળનો ચાલુ વર્ષનો રમતગમતની હરીફાઈનો પ્રોગ્રામ તા. 23-6-2022ને ગુરુવારે વાયુદેવતા મંદિર હોલમાં યોજવામાં આવ્યો હતો. રમતગમતનું નામ પડતાં જ સહુને પોતાનું બાળપણ યાદ આવી જાય. નાના હતાં ત્યારે જે રમતો રમતા એ શારીરિક, માનસિક વિકાસ માટે એક જાતની કસરત જ હતી. ઉંમર વધવાની સાથે જરૂરિયાત અને જવાબદારીઓ વધતી જાય તેમ જીવનમાં બદલાવ આવતો જાય. તેમ છતાં પણ કોઈ કોઈ વાર રમત ગમત રમવાનું મન થાય. તેથી જ મંડળ દર વર્ષે એક પ્રોગ્રામ રમત ગમત હરીફાઈનો રાખે છે.

આ વર્ષે એક નવા વિચાર સાથે તેનું આયોજન થયું. દર વર્ષની જેમ ચીલાચાલુ રમતો કરતાં જુદું કંઈક કરવું એ આશયથી આપણા મંડળના ભૂતપૂર્વ સેક્રેટરી સ્વ. ઈલાબેન અરુણભાઈ શાહના પુત્રવધુ દેવાંશીબેન મનીષભાઈ, જે Party event manage કરે છે, તેમનો સંપર્ક કર્યો અને તેમની ટીમમાંથી આવેલ બિંકુબેન દ્વારા રમતો રમાડવામાં આવી હતી. સિનિયર સિટિઝન્સને ધ્યાનમાં રાખી તેમણે 10 થી 12 રમતો રમાડી.

સહુ પ્રથમ યમુનાષ્ટકના પાઠથી પ્રોગ્રામની શરૂઆત થઈ. બિંકુબેને મેમ્બર્સના બે ગ્રુપ પાડી દીધા. ગ્રુપ Aના લીડર શ્રીમતી પલ્લવીબેન અને ગ્રુપ Bના લીડર શ્રીમતી નીતાબેન હતાં. સૌ પ્રથમ દોરીમાં ભરાવેલો પેપર કપ ફૂંક મારી એક છેડાથી બીજા છેડા સુધીને પછી ફરી તેની મૂળ જગ્યાએ પહોંચાડવાનો હતો. બધાએ ખુબ જ મહેનત કરી રમત પૂરી કરી. આમાં નીતાબેનની ટીમને પોઈન્ટસ મળ્યા. બીજી રમતોમાં Singing, Yoga, Memory, અંતાક્ષરી, on the spot group celebration etc. રમતો રમાડી હતી. દરેક રમત જીતનાર ટીમને પોઈન્ટસ્ આપવામાં આવતાં હતાં. મજાની વાત એ હતી કે બન્ને ટીમ આગળ–પાછળ રહેતી હતી. છેલ્લે પલ્લવીબેનની ટીમ 1 પોઈન્ટથી જીતી ગઈ હતી.

આ પ્રોગ્રામ ખૂબ જ સરસ રહ્યો. બધાએ ખૂબ જ enjoy કર્યો. પ્રમુખશ્રીએ દેવાંશીબેન અને બિંકુબેનનો ખૂબ ખૂબ આભાર માન્યો. આ પ્રોગ્રામ દરમિયાન મંડળને નીચે મુજબ ભેટ મળી હતી.

રૂ. 2000/- સ્વાતિબેન નિરંજનભાઈ શાહ તરફથી આજના પ્રોગ્રામ નિમિત્તે

રૂ. 1000/- ગૌરાંગીબેન સુરેન્દ્રભાઈ (કેનેડા) તરફથી તેમના પૌત્રને મેથ્સ કોમ્પીટીશનમાં ફર્સ્ટ આવવા બદલ.

રૂ. 500/- દીપીકાબેન વિમલભાઈ તરફથી તેમની દોહીત્રીના જન્મ નિમિત્તે.

બધાએ તેઓને તાલીઓથી વધાવી લીધા. પ્રમુખશ્રીએ ખૂબ આભારની લાગણી વ્યક્ત કરી. અંતે મંડળ તરફથી સૌને નાસ્તો તથા કોલડ્રિંક્સ આપવામાં આવ્યાં હતાં જેને ન્યાય આપી સહુ જય શ્રીકૃષ્ણ કહી છૂટા પડ્યા.

**લીનાબહેન એન. શાહ** — **સેક્રેટરી**

**જયશ્રીબહેન જે. શાહ** — **પ્રમુખ**

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે ટોકરશાની પોળમાં બિરાજતા શ્રી ઠેસીયા હનુમાન દાદાને શ્રી વાયુદેવતાજી મંદીર ખાતે પ્રસ્થાપિત કરવા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરેલ છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

**સ્થળ** : શ્રી વાયુદેવતાજી મંદીર, નારાયણ નગર, અમદાવાદ

**તારીખ** : 13-8-2022 એ પ્રારંભ અને
તારીખ 14-8-2022 પૂર્ણાહુતિ

**સમય** : સવારે 9-00 થી સાંજે 6-00 વાગ્યા સુધી
(બપોરે 1-00 થી 3-00 વિરામ)

**પ્રસ્થાપિત તારીખ** : 14-8-2022 એ બપોરે 2-00 થી 4-00 દરમિયાન

**યજમાન** : શ્રી ગોકુલભાઈ નવીનચંદ્ર જશ

બંને દિવસે સાંજે મહાપ્રસાદનું આયોજન કરેલ છે. વધુમાં શ્રી વાયુદેવતાજી મંદીર ખાતે બિરાજતા સર્વે દેવીદેવતાઓના નવીન સૌમ્યસ્વરૂપના દર્શનનો આપણને સૌને લાભ મળશે. આ શુભ અવસરે સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ. સૌ જ્ઞાતિજનો મહોત્સવનો લાભ લેશો. પરજ્ઞાતિમાં પરણેલ જ્ઞાતિની દીકરીઓને પણ આમંત્રણ છે.

**– શ્રી રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ,**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ–કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. 6-7-22 ને બુધવારે The urban in hotel માં રાખવામાં આવી હતી.

સૌ પ્રથમ દરેકે મહિલા મંડળની સખીઓને ઉમળકાભેર આવકાર્યા હતાં. યમુનાષ્ટકનો પાઠ કરીને પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સેક્રેટરી શ્રીમતી સોનલબેન એસ. પરીખે વર્ષ દરમિયાન થયેલા આવક–જાવકનો હિસાબ વાંચી સંભળાવ્યો હતો, તે દરમિયાન દરેક સખીઓએ વેલકમ ડ્રિંક્સની મજા માણી હતી.

પ્રોગ્રામમાં મેડીટેશન માટે યામીનીબેનને સ્પીકર તરીકે બોલવામાં આવ્યાં હતાં.

મેડીટેશન શું છે તેના વિશે જાણકારી આપી અને મેડીટેશન પહેલા અને પછી હળવી કસરત કરાવીને મેડીટેશન કરાવ્યું હતું. મીતાબેને તેમનો આભાર માન્યો હતો.

યામીનીબેન દેવાંગશેઠ જેવો એસોસિયેટ સર્ટિફાઈડ પ્રાણીક હિલર છે, પ્રાણી હિલિંગમાં ટ્રીટ હાર્ટ મેડીટેશન કરાવે છે અને કોઈ પણ રોગમાં હિલિંગ આપે છે, જેવા કે સ્ટ્રેસ, એન્ઝાઇટી, ટ્યુમર, ડિપ્રેશન, હાર્ટ પ્રોબ્લેમ, ગેસ્ટ્રોપ્રોબ્લેમ, કેન્સર જેવા ક્રોનિક, ડિસીઝમાં હિલિંગ આપે છે.

મેડીટેશન બાદ દરેક સખીઓ એ સ્વાદિષ્ટ ભોજનની સાથે સાથે ગરમાગરમ ગુલાબજાંબુની મોજ માણી હતી.

ભોજન બાદ દરેક સખીઓને રમત રમાડી હતી. પ્રથમ રમત શ્રીમતી સ્મૃતિબેન અને સોનલબેને રમાડી હતી અને બીજી રમત શ્રીમતી મીતાબેને રમાડી હતી. આ બંને રમતોના ત્રણ ત્રણ ઈનામો મંડળ તરફથી આપવામાં આવ્યાં હતાં. અને દરેક બહેનોની પ્રિય રમત હાઉસી પણ રમાડવામાં આવી હતી. ત્યાર બાદ આઈસક્રીમની મોજ માણીને દરેક સખીઓ જય શ્રીકૃષ્ણ કહી છૂટા પડ્યા હતા.

પ્રોગ્રામ દરમિયાન આવેલું ડોનેશન

પાવનના લગ્ન નિમિત્તે શ્રુતિબેન પી. શાહ રૂા. 501/-

ઉષાબેન એચ. પરીખ વર્ષગાંઠ નિમિત્તે રૂ. 250/-

ઇન્દિરાબેન વી. પરીખ વર્ષગાંઠ નિમિત્તે રૂ. 150/-

કિન્નરીબેન કે. પરીખ વર્ષગાંઠ નિમિત્તે રૂ. 100/-

ભારતીબેન પી. પરીખ વર્ષગાંઠ નિમિત્તે રૂ. 100/-

પ્રમુખ
સ્મૃતિબેન આર. શાહ

સેક્રેટરી
સોનલબેન એસ. પરીખ

## શ્રીજી મહિલા મંડળ - અહેવાલ

તાજેતરમાં 'અષાઢી બીજ' નિમિત્તે 'શ્રીજી મહિલા મંડળ' ભુજ દ્વારા વાનગી સ્પર્ધા 'भोज्येषु माता' નું આયોજન શ્રી મહીષાસુરમર્દિની માતાજીનાં મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 11 બહેનોએ ભાગ લીધો હતો. જેમાં મિષ્ટાન્ન વિભાગમાં પ્રથમ નેહા જયદીપભાઈ શાહ (ડ્રાયફ્રુટ ચોકો બાર) જ્યારે દ્વિતીય નંબર પર સરલાબેન શિરીષભાઈ શાહ (પાન બોલ્સ) રહ્યાં હતાં. ફરસાણ (અન્ય) વિભાગમાં પ્રથમ નંબરે બિનિતા પ્રિયેશભાઈ શાહ (વેજ ગ્રીન ઈડલી) અને દ્વિતીય નંબર પર નિશા રોનકભાઈ શાહ (ચીઝ બોલ્સ) રહ્યાં હતાં. નિર્ણાયક તરીકે દેવયાની તુષારભાઈ શાહે (રિસર્ચ ટેસ્ટ ઓફ હોમમેડ) સેવા આપી હતી. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં. હિનાબેન હર્ષદભાઈ શાહના મધુર કંઠે ગવાયેલા ગરબા પર ઝૂમ્યા બાદ માતાજીની આરતીનો લાભ લીધો હતો. ત્યારબાદ મંડળ તરફથી અપાયેલા અલ્પાહારને ન્યાય આપી સૌ છૂટાં પડ્યાં હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા મંડળનાં પ્રમુખ માધવીબેન મેહુલભાઈ શાહ, કોષાધ્યક્ષ જ્યોતિબેન દીપેશભાઈ શાહ, સહકોષાધ્યક્ષ પ્રીતીબેન પ્રફુલભાઈ શાહ, સલાહકાર ભારતીબેન નવનીતભાઈ શાહે જહેમત ઉઠાવી હતી. કારોબારીનાં અન્ય સદસ્યોનો સહકાર મળ્યો હતો.

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

ભાદરવા સુદ – 6 તથા મહાવદ – 5 ચેરીટેબલ ટ્રસ્ટ
સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા

1) સ્વ. ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ તથા સ્વ. કાશ્મીરાબેન ઈન્દુભાઈ શાહના સ્મરણાર્થે તેમના પુત્રશ્રી શશાંકભાઈ તરફથી,

2) સ્વ. પુષ્પાવતી રસિકલાલ શાહ તથા સ્વ. શ્રી રસિકલાલ ચીમનલાલ શાહ (આણંદવાળા)ના સ્મરણાર્થે તેમના દીકરી શ્રીમતી જ્યોતિબેન કિશોરભાઈ પરીખ, ભરૂચ તરફથી,

3) સ્વ. પ્રભાલક્ષ્મીબેન મોહનલાલ પરીખના સ્મરણાર્થે તેમના ટ્રસ્ટીઓ તરફથી,

4) સ્વ. શ્રી જયંતીભાઈ બાલુભાઈ પરીખ તથા સ્વ. મેનાબેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી,

મળેલ કાયમી ફંડમાંથી દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. 2-9-2022ને શુક્રવારના રોજ ભાદરવા સુદ-6ના હવનની પુર્ણાહુતી બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ(ભોજન સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-6 તથા મહા વદ-5 ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**રમેન્દ્ર જે. પરીખ**
પ્રમુખ

**ખાસ નોંધ :** પરજ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો / દીકરીઓ પોતાના કુટુંબ સાથે આવી શકશે.

# જ્ઞાતિ સમાચાર

સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ

**રાજકોટ :** દ્વીપ ગૌરાંગભાઈ મોદી, Std - 12th Science (Eng. Medium)
બોર્ડ – 84.95 પરસેન્ટાઈલ, ગુજસેટ 99.23 પરસેન્ટાઈલ
જે.ઈ.ઈ – 1st Section - 99.82 પરસેન્ટાઈલ

**ભૂજ-કચ્છ :** નિધિ હિતેશભાઈ શાહ
M. Com. Final (April - 2022) 75.20 %

**મુંબઈ :** પાર્થ કૌશિક પરીખ
Std. 10, CBSC Board, 95.2%

## અવસાન

**ભુજ(નલિયા) :** દિનેશચંદ્ર હરિદાસ શાહ (લાપસીયા)
ઉં. વર્ષ 82, તા. 10-7-2022નાં રોજ.

**ભરૂચ :** મહેશભાઈ ચીમનલાલ દલાલ
ઉ.વર્ષ 87, તા. 21-6-2022 નાં રોજ.

**મુંબઈ :** ગં.સ્વ. લીલાવતીબેન ભોગીલાલ શાહ
જીતેન્દ્ર ભોગીલાલ શાહ (ટ્રસ્ટી), નાસિકના માતૃશ્રી
તા. 15-7-2022 નાં રોજ.

**પાટણ :** મીનાબેન જયેન્દ્રભાઈ ગાંધી
ઉ. વર્ષ 65, તા. 15-7-2022 નાં રોજ.

# શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. ભરત પ્રાણલાલ દલાલ**

**જ.તા. ૨૫/૦૧/૧૯૫૨ શ્રીજી ચરણ : ૦૬/૦૮/૨૦૨૦**

**જીવન એવુ જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા આપનો નિખાલસ તથા સરળ સ્વભાવ હંમેશા અમારા માર્ગદર્શીરૂપે સાથે રહેશે.**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.

પ્રકાશન ૧૦/૮/૨૦૨૨



**ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર**

**તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ**

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ, અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

## PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH